પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૧૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૧-૦૧-૨૦૨૪ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વાઈબ્રન્ટ ગુજરાત સમિટનો પ્રારંભ

## ભારત આઝાદીના ૧૦૦ વર્ષ મનાવશે, ત્યાં સુધી ભારત વિકસીત બની જાય તેવુ લક્ષ્ય બનાવાયુ છે : વડાપ્રધાન




ગાંધીનગર,

દુનિયાભરના રોકાણકારો હાલ ગુજરાત પહોંચ્યા છે. ગાંધીનગરનો મહાત્મા મંદિર હોલ રોકાણકારોથી ખીચોખીચ ભરાઈ ગયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું ઉદ્વાટન કર્યુ હતું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યુ કે ભારત વિશ્વ મિત્ર ની ભૂમિકા માં આગળ વધી રહ્યું છે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ઈકોનોમિક ડેવલપમેન્ટ અને ઈન્વેસ્ટમેન્ટ સાથે જોડાયેલી જાણકારી અને અનુભવો દર્શાવવાનું ગ્લોબલ પ્લેટફોર્મ બની રહ્યુ છે. આ સમિટમાં ભારત અને યુએઈ ફૂડ પાર્ક્સના વિકાસ માટે રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે, ઈનોવેટિવ હેલ્થ કેરમાં રોકાણ માટે ઘણા મહત્વપૂર્ણ કરાર કર્યા છે. ઈન્ફ્રાસ્ટ્રકચર માટે યુએઈની કંપનીઓ દ્વારા ઘણા મિલિયન ડોલરના નવા રોકાણ માટે સહમતિ બની છે.યુએઈના સોવરેન ફંડ દ્વારા ગિફ્ટ સિટીમાં ઓપરેશન શરુ થશે.

યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદના આ કાર્યક્રમમાં સામેલ થવુ એ ગર્વની વાત છે. ભારત અને યુએઈના સંબંધ દિવસે દિવસે મજબૂત થઈ રહ્યા છે. તેમનું આ કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ તરીકે હાજર રહેવુ એ ભારત અને યુએઈના દિવસે દિવસે મજબૂત થતા આત્મીય સંબંધોનું પ્રતીક છે. કેટલાક દિવસ પહેલા અમે તેમના વિચાર સાંભળ્યા. ભારત માટે તેમનો વિશ્વાસ, તેમનો સહયોગ, ખૂબ જ ગર્મજોશીથી ભરેલો છે. જ્યારે ભારત આઝાદીના ૧૦૦ વર્ષ મનાવશે, ત્યાં સુધી ભારત વિકસીત બની જાય તેવુ લક્ષ્ય બનાવાયુ છે. તેથી જ અત્યારનો કાળ ભારતનો અમૃત કાળ છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ઉદઘાટન સ્પીચ આપી હતી. તો તેના બાદ દુબઈના પ્રેસિડન્ટે સ્પીચ આપી હતી, તેના બાદ તેઓ દુબઈ જવા રવાના થયા હતા. આ ગ્લોબલ સમિટમાં જાણીતા ઉદ્યોગકારો, મુકેશ અંબાણી, ગૌતમ અદાણી, લક્ષ્મી મિત્તલ, પંકજ પટેલ સહિત અને ઉદ્યોગપતિઓ ઉપસ્થિત જોવા મળ્યા. તો વિદેશી ઉદ્યોગપતિઓ પણ ઉપસ્થિત છે.

મુકેશ અંબાણીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું, આ સમિટ દુનિયાની સૌથી નામાંકિત સમિટ બની રહી છે. ૨૦ વર્ષથી સતત ચાલતી હોય તેવી આ એકમાત્ર સમિટ છે. પીએમ મોદીના વિઝનને કારણે આ શક્ય બન્યું છે. હું વાઈબ્રન્ટ ગુજરાતની દરેક સમિટમાં સહભાગી થયો છું તે મારુ ગૌરવ છું. મને ગુજરાતી હોવાનું અભિમાન છે. જ્યારે વિદેશીઓ ન્યૂ ઈન્ડિયા વિચારે છે, તો અમે નવુ ગુજરાત વિચારીએ છીએ. અમારા લીડર દેશના ઈતિહાસના સૌથી સફળ પ્રધાનમંત્રી છે. પ્રધાનમંત્રી બોલે છે, ત્યારે આખુ વિશ્વ તાળી પાડે છે. મોદી હૈ તો મુમકીન હૈ. દેશના પ્રધાનમંત્રીએ અશક્યને શક્ય બનાવ્યું છે. વિદેશીઓ પણ માની ગયા છે કે, મોદી હૈ કી મુમકીન હૈ. મારા પિતાએ કહ્યુ હતું કે, ગુજરાત તારી માતૃભૂમિ છે અને તે હંમેશા તારી કર્મભૂમિ રહેશે.

વેલકમ સ્પીચ આપતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે,

### ગુજરાતે વેપારમાં પ્રમુખ સ્થાન મેળવ્યું છે. જે પ્રધાનમંત્રીના દૂરંદેશી નેતૃત્વનું પરિણામ છે : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

વાઈબ્રન્ટ સમિટમા પાયોનિયર અને આર્કિટેકટ પીએમ મોદીએ આ સમિટને બોન્ડિંગી સમિટ કહી છે. ૩૪ પાર્ટનર કન્ટ્રી, ૧૩૦ થી વધુ દેશોના ડેલિગેટ્સનું હુ સ્વાગત કરું છું. આ સમિટ ભારતીયો માટે મોટી ઉપલબ્ધિ રહી છે, ગુજરાતે વેપારમાં પ્રમુખ સ્થાન મેળવ્યું છે. જે પ્રધાનમંત્રીના દૂરંદેશી નેતૃત્વનું પરિણામ છે. ૨૧ સદીની શરૂઆતમાં ગુજરાત અનેક ચેલેન્જિસથી ઘેરાયુ હતું, જેમાં તેઓએ આશાનું કિરણ બતાવ્યુ હતું. ગુજરાત કેન અને ગુજરાતીઝ વિલ. ત્યારે હવે ગુજરાત નોલેજ શેરિંગ અને નેટવર્કિંગ માટેનું મંચ બની ગયું છે. દરેક સમિટમાં પીએમ મોદી વર્લ્ડક્લાસ પરિકલ્પના આપી છે. ૫૦ ટકા એમઓયુ ગ્રીન એમઓયુ છે. પર્યાવરણની રક્ષા માટે ગ્રીન ગ્રોથ અને રિન્યુએબલ એનર્જિ માટેના એમઓયુ અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. અમે હમેશા ક્વોલિટી ઓફ લાઈફ પર ધ્યાન આપ્યું છે. વાઈબ્રન્ટ સમિટ અમૃત ભવિષ્યનો રોડ મેપ તૈયાર કરશે. તમારું સૌનું વાઈબ્રન્ટ ગુજરાતમાં સ્વાગત છે.

જાણીતા ઉદ્યોગપતિ લક્ષ્મી મિત્તલે પોતાના સંબોધનમાં જણાવ્યું કે, ગત વર્ષે હું ગુજરાત આવ્યો હતો. પીએમ મોદીએ વાયબ્રન્ટ ગુજરાત બાબતે ચર્ચા કરી હતી. ગુજરાત ક્લિયર ટ્રાન્સપરન્ટ અને પોલિસી ડ્રીવન રહ્યું છે જે મારી કંપનીઓ પણ અનુભવ કર્યું છે. ગ્લોબલ ટેક્નોલોજી સાથે હાઈએન્ડ પ્રોડક્ટ ડેવલપ કરી રહ્યા છે. ચાર વર્ષ પહેલા આર્સેલર મિત્તલનું ગુજરાતે સ્વાગત કર્યું હતું. અમે એક્સ્ટેન્શન કરી રહ્યા છીએ ૨૦૨૬ સુધી કામ પૂર્ણ થશે. બીજા તબક્કામાં કામ પૂર્ણ થતા ૨૬ મિલિયન ટન સ્ટીલ ગુજરાત માં બનશે જે વિશ્વનું સૌથી મોટો પ્લાન્ટ બની રહેશે.

ગુજરાત વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૪માં ભાગ લેવા માટે ૧૩૬ દેશની કંપનીઓ, સંસ્થાઓ અને પ્રતિનિધિઓએ રજિસ્ટ્રેશન કરાવી દીધું છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજે યોજાનારી વાઈબ્રન્ટ સમિટમાં ૪ દેશના રાષ્ટ્રપ્રમુખની સાથે ૨૦૦ કંપનીઓના સીઈઓ આવશે. જેમાં ૭૫ જેટલા સીઈઓ ગ્લોબલ કંપનીઓના પણ આવશે. ગ્લોબલ સીઈઓમાં યુએઈ, યુએસએ, જાપાન, સિંગાપોર, ફ્રાન્સ, જર્મની સહિતના દેશના સીઈઓનો સમાવેશ થાય છે. ગૌતમ અદાણીએ જણાવ્યુ કે ૧૦મી વાઈબ્રન્ટ સમિટને સંબોધન કરવું એ મારા માટે સૌભાગ્યની વાત છે. આ સાથે જ તેમણે જણાવ્યુ કે પીએમ મોદીએ દેશના ભવિષ્યનું ઘડતર કર્યુ છે.

તમારા નેતૃત્વમાં ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરશે. તેમજ અદાણી કચ્છના ખાવડામાં સૌથી મોટો સોલાર પ્લાન્ટ સ્થાપશે તે પણ જણાવ્યુ છે. તો આગામી સમયમાં ૫ વર્ષમાં ૨ લાખ કરોડનું રોકાણ ગુજરાતમાં કરવાની વાત કરી છે. આગામી સમયમાં એક લાખ લોકોને રોજગારી આપવાનો લક્ષ્યાંક હોવાનું જણાવ્યુ છે.

મારુતિ સુઝુકી કંપનીના ચેરમેન તોશિહિરો સુઝુકીએ વાયબ્રન્ટ સમિટમાં જણાવ્યુ કે સુઝુકી મોટર ગુજરાતમાં બીજો મેન્યુફેકચરિંગ પ્લાન્ટ સ્થાપવા ૩૫,૦૦૦ કરોડ રુપિયાનું રોકાણ કરશે. આ સાથે જ જણાવ્યુ કે દેશનું ઓટોમોબાઈલ માર્કેટ ઝડપથી વધી રહ્યું છે. વડાપ્રધાન મોદીના પ્રોગ્રેસીવ એપ્રોચના કારણે અમે પણ રોકાણ કરી રહ્યા છીએ.

ભારતને સેમિકન્ડકટર્સ માટે વૈશ્વિક હબ બનાવવાનું વડાપ્રધાન મોદીનું વિઝન ભારતના ભવિષ્ય માટે એક વિશાળ આર્થિક પ્રેરક બની રહેશે.કારણ કે ભારત ત્રીજા સૌથી મોટા વૈશ્વિક અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે. માઈક્રોન ટેક્નોલોજીના સીઈઓ સંજય મેહરોત્રામાં જણાવ્યુ છે.

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જૂનાગઢ શહેર અને જિલ્લાના અનેક પ્રશ્નોની ચર્ચા-વિચારણા કરશે



જૂનાગઢ,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલ ૧૧ જાન્યુઆરી, ૨૦૨૪ને ગુરુવારના રોજ જૂનાગઢ આવશે. જૂનાગઢ ખાતે તેમના આગમન સમયે યુવક કોંગ્રેસના મિત્રો દ્વારા બાઈક રેલી મારફત તેમનું સ્વાગત કરવામાં આવશે. બપોરે એક કલાકે જુનાગઢમાં આવેલ ઝાંસીની રાણીની પ્રતિમા પાસેના ચોકમાં જૂનાગઢ શહેર અને જિલ્લાના કાર્યકર્તાઓ, શુભચિંતકો તથા આમ જનતા સાથે લોકપ્રશ્નો માટે જનસંવાદ યોજવામાં આવશે. જૂનાગઢ શહેર અને જિલ્લાના અનેક પ્રશ્નોની પણ ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

જુનાગઢ શહેર અને જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે ખેડૂતો, નાના વેપારીઓ, કાચા અને સામાન્ય ઘરોમાં રહેતા નાગરિકો તેમજ અન્ય લોકોને પારાવાર નુકસાન થયું છે, પરંતુ આ થયેલ નુકસાનની ચુકવણી હજુ સુધી કરવામાં આવેલ નથી. જૂનાગઢની હોસ્પિટલમાં અદ્યતન સાધનો ટેકનીશ્યનના અભાવે ધૂળ ખાઈ રહ્યા છે અને લોકોને સહન કરવું પડે છે. જુનાગઢ શહેરના રસ્તાઓ અને ભાજપની ભયમુક્ત ભ્રષ્ટાચારની પ્રવૃત્તિના કારણે પાણી નિકાલના રસ્તાઓ દબાણ દ્વારા બંધ કરવામાં આવ્યા છે અને વરસાદી પાણીના નિકાલ માટેના કામોમાં પૈસા ખવાતા હોવાના કારણે થોડા જ વરસાદમાં જૂનાગઢ શહેરના નાગરિકોને પુર જેવી પરિસ્થિતિથી નુકસાન થઈ રહ્યું છે. ખેડૂતોને પાક વીમાની રકમ કેટલાય સમયથી આપવામાં આવી નથી અને સાચી હકીકત પણ છુપાવવામાં આવી રહી છે. ગરીબ વ્યક્તિઓના ઝુંપડા અને રહેણાંકો કોઈપણ જાતની વૈકલ્પિક વ્યવસ્થા કે માનવતા દર્શાવ્યા વગર તોડી પાડવામાં આવે છે. સામાન્ય માણસ ૭/૧૨નો દાખલો કે સરકારી કામકાજ માટે જાય ત્યારે તેઓને કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવાનું અને રઝળવાનું બને છે. તંત્રની બેદરકારી અને ભાજપના નેતૃત્વના અહંકારના કારણે લોક પ્રશ્નો સંભળાતા નથી માટે લોકોના પ્રશ્નોનું સંકલન કરીને "જન અધિકાર પદયાત્રા" સ્વરૂપે વિસ્તૃત આવેદનપત્ર કલેક્ટરશ્રીને આપવામાં આવશે. જૂનાગઢના આ કાર્યક્રમમાં સ્થાનિક તથા રાજ્યના આગેવાનો પણ સામેલ થશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ જૂનાગઢનો કાર્યક્રમ પુર્ણ કર્યા બાદ આઈ શ્રી સોનલમાં જન્મ શતાબ્દી મહોત્સવના ત્રિદિવસીય ઉજવણીના કાર્યક્રમમાં કેશોદ તાલુકાના મઢડા ગામ ખાતે ઉપસ્થિત રહેશે.

## મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક અંગેના નવા કાયદાની ૧૨ જાન્યુઆરીએ સુનાવણી

નવીદિલ્હી,

મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂકને લઈને કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલા નવા કાયદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટ આ કેસની સુનાવણી ૧૨ જાન્યુઆરીએ કરશે. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેંચ આ કેસની સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક પર સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા સંશોધન પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી છે.

મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક માટેની પેનલમાં દેશના મુખ્ય ન્યાયાધીશને સામેલ કરવાની માંગ કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે દેશમાં ચૂંટણીમાં પારદર્શિતા લાવવા માટે મુખ્ય ન્યાયાધીશને મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક પેનલમાં સામેલ કરવામાં આવે.

આ પહેલા સુપ્રીમ કોર્ટે પોતાના એક નિર્ણયમાં કહ્યું હતું કે મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક માટેની પેનલમાં વડાપ્રધાન, લોકસભામાં વિપક્ષના નેતા અને મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ થશે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણય બાદ કેન્દ્ર સરકારે નવો કાયદો લાવીને સીજેઆઈને હટાવીને પીએમ દ્વારા નામાંકિત કેબિનેટ મંત્રી બનાવ્યા.

## આસામમાં ડ્રગ્સનો રૂ.૧૦૦ કરોડનો જથ્થો પકડાયો : ૪ ડીલરની ધરપકડ



ગુવાહાટી,

આસામમાં રૂ. ૧૦૦ કરોડથી વધુનું ડ્રગ્સ ઝડપાયું છે. પોલીસને મળેલી એક મોટી સફળતામાં આ કેસમાં ચાર ડ્રગ ડીલરોની ધરપકડ કરાઈ છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વ સરમાએ 'એકસ' પર તેમની પોસ્ટમાં આસામ પોલીસની પ્રશંસા કરી હતી અને રાજ્યમાં ડ્રગ્સનો સૌથી મોટો જથ્થો પકડાયું હોવાનું કહ્યું હતું.

આ ઓપરેશન આસામ પોલીસ અને કરીમગંજ જિલ્લા પોલીસની વિશેષ ટાસ્ક ફોર્સ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવ્યું હતું.આ ડ્રગ્સ મિઝોરમથી આસામમાં લાવવામાં આવ્યું હતું અને ધરપકડ કરાયેલા ચારમાં તે રાજ્યના ત્રણ લોકોનો સમાવેશ થાય છે તેમ પોલીસે જણાવ્યું છે. બજાર મૂલ્યની દૃષ્ટિએ પૂર્વ ભારતમાં કદાચ આ સૌથી મોટી ડ્રગ જપ્તી છે. જપ્ત કરાયેલા ડ્રગ્સની માર્કેટમાં ઓછામાં ઓછી કિંમત ૧૦૦ કરોડ રૂપિયા છે તેમ જણાવતાં એસટીએફના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર પાર્થસારથી મહંતાએ ઉમેર્યું હતું કે આસામ પોલીસ દ્વારા સતત અને અસરકારક કાર્યવાહીને કારણે માદક દ્રવ્યોના ભાવમાં વધારો થયો છે.

આ ઓપરેશન અંગે પૂછાયેલા સવાલના જવાબમાં મહંતાએ ઉમેર્યું હતું કે 'અમને મિઝોરમમાંથી ડ્રગ્સની હેરાફેરીની બાતમી મળી હતી અને ઓપરેશન શરૂ કર્યું હતું. અમે મિઝોરમના નેમ પ્લેટની કારને સાંજે ૨:૧૫ કલાકે સુપરકંડી નજીક આંતરી હતી. પોલીસની ટીમે વાહનની તલાશી લીધી હતી અને ૫.૧ કિલોગ્રામ હેરોઈન, ૬૪,૦૦૦ યાબા ટેબ્લેટ્સ અને ચાર પેકેટ્સ વિદેશી સિગારેટ્સ મળી આવ્યા હતા.' ધરપકડ કરાયેલા ચારમાં મિઝોરમની એક મહિલાનો પણ સમાવેશ થાય છે. અન્ય બે લોકો સાથે મિઝોરમના થેન્ઝાવલના વિસ્તારના છે જ્યારે ચોથો આરોપી કરીમગંજનો રહેવાસી છે, તેમ ડીઆઈજીએ જણાવ્યું હતું.

## સમગ્ર ઉતર ભારત કાતિલ ઠંડીની લપેટમાં સપડાયુ, દિલ્હીમાં તાપમાન ૫.૬



નવીદિલ્હી,

પાટનગર દિલ્હી સહિત ઉતર ભારત ફરી વખત કાતિલ ઠંડીમાં ઠુઠવાયુ છે. દિલ્હીથી માંડીને બિહાર સુધી ઠંડીના દોર વચ્ચે હિમાચલપ્રદેશના સિમલામાં પણ નવા વર્ષની પ્રથમ હિમવર્ષા થઈ હતી. પાટનગર દિલ્હીમાં શિયાળાનો સૌથી ઠંડો દિવસ અનુભવાયો હતો અને પ્રથમ વખત તાપમાનનો પારો ૫.૩ ડીગ્રી સુધી નીચે સરકયો હતો. કાતિલ ઠંડીમાં લોકો ઠુઠવાયા હતા. રસ્તા પર ખુલ્લામાં રહેતા બેઘર લોકોને શેલ્ટર હોમમાં ખસેડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાંત ધાબડા-ગરમ પાણી વગેરેની ગોઠવણો કરવામાં આવી હતી. કોલ્ડ ડેની હાલતમાં લોકો ધ્રુજી ઉઠયા હતા. ટ્રેન સેવા પણ પ્રભાવિત થઈ હતી. બરફીલા પવનોને કારણે ઠંડી વધુ કડકડતી બની હતી. હવામાન વિભાગ દ્વારા હળવા વરસાદની પણ સંભાવના દર્શાવવામાં આવી છે.કાતિલ ઠંડીની સાથોસાથ ગાઢ ધુમ્મસનો ડબલ એટેક હોવાના કારણોસર જનજીવન અસ્તવ્યસ્ત બની ગયુ હતું. હવામાન વિભાગે શીતલહેરનુ યલો એલર્ટ ઘોષિત કર્યુ છે.

દિલ્હી ઉપરાંત એનસીઆર ઉતરપ્રદેશ, પંજાબ, હરિયાણા, બિહાર સહિતના રાજયો કાતિલ ઠંડીની લપેટમાં આવ્યા છે. ઉતરપ્રદેશના કાનપુર તથા આગ્રામાં તાપમાનનો પારો એક ડીગ્રી પર સરકી ગયુ હતું. હળવા વરસાદ તથા બરફીલા પવનોને કારણે મૌસમ ઠંડુગાર બન્યુ હતું. આવતા બે-ત્રણ દિવસ તાપમાન વધુ નીચે સરકવાની આગાહી કરવામાં આવી છે. હરિયાણામાં પણ કાતિલ ઠંડીમાં કોઈ રાહત ન મળતી હોય તેમ મહતમ તાપમાન નોર્મલ કરતા ૬.૬ ડીગ્રી નીચે ઉતરીને ૧૦.૪ ડીગ્રી નોંધાયુ હતું. કાશ્મીરમાં કડકડતી ઠંડીનો કહેર છે. શ્રીનગરમાં હાડ થિજાવતી ઠંડી વચ્ચે ધુમ્મસનો બેવડો માર છે. માર્ગ, રેલવે, વિમાની સેવાને અસર રહી છે.

## ૨૦૨૪માં વૈશ્વિક અર્થતંત્ર સતત ત્રીજા વર્ષે રહેશે નબળુ, છતાં ભારતનો વિકાસ રહેશે મજબૂત : વર્લ્ડ બેંક




નવીદિલ્હી,

વિશ્વ બેંકે વૈશ્વિક અર્થતંત્ર માટે આગાહી કરી છે અને ૨૦૨૪માં સતત ત્રીજા વર્ષે વૃદ્ધિ ધીમી થવાની સંભાવના છે. હાલમાં જ જારી કરવામાં આવેલા ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટમાં આ વાત કહેવામાં આવી છે. ખાસ કરીને હમાસ સાથેના ઈઝરાયેલના યુદ્ધ અને યુક્રેનમાં સંઘર્ષથી ઉદભવતા વૈશ્વિક તણાવમાં વધારો, નબળા વિકાસનું જોખમ ઊભું કરે છે. અને વિશ્વ બેંકના અધિકારીઓ ચિંતા વ્યક્ત કરે છે કે ગરીબ દેશો આબોહવા પરિવર્તન અને ગરીબી સામે લડવા માટે જરૂરી રોકાણ કરી શકતા નથી.

આ ઉપરાંત ઊંચા વ્યાજ દરો, સતત ફુગાવો, મંદીવાળા વેપાર અને ચીનને કારણે વૈશ્વિક અર્થતંત્ર ૨૦૨૪માં સતત ત્રીજા વર્ષે ધીમી પડશે. રિપોર્ટમાં આગાહી કરવામાં આવી છે કે વિશ્વની આર્થિક વૃદ્ધિ વધુ ધીમી પડીને ૨.૪% થઈ જશે, જે ૨૦૨૫માં ૨.૭% સુધી વધશે - જે ૨૦૧૦માં જોવા મળેલી ૩.૧%ની સરેરાશ વૃદ્ધિ કરતાં ઘણી ઓછી છે.

બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી ઈન્દરમીત ગીલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "૨૦૨૪નો અંત વિકાસ માટે પરિવર્તનકારી બનશે તેવી અપેક્ષા છે, જ્યારે અત્યંત ગરીબીનો અંત આવવાનો છે, મોટા ચેપી રોગોને દૂર થશે અને ગ્રીનહાઉસ-ગેસ ઉત્સર્જન થશે. લગભગ અડધું. અડધું કાપવું પડ્યું." વિશ્વ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી ઈન્દ્રમિત ગીલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "નજીકના ગાળાની વૃદ્ધિ નબળી રહેશે, જેના કારણે ઘણા વિકાસશીલ દેશો અને ખાસ કરીને ગરીબોને દેવાના જાળમાં ફસાવી દેશે અને લગભગ દર ત્રણ વ્યક્તિ માંથી એક માટે ખોરાકની અછત ઉભી થશે."

તાજેતરના વર્ષોમાં, આંતરરાષ્ટ્રીય અર્થતંત્રની કફોડી હાલત પછીના આંચકા જેમ કે, યુક્રેન પર રશિયાના આક્રમણ, વૈશ્વિક ફુગાવો અને ભાવ વધારાને નિયંત્રણમાં લાવવા માટે કેન્દ્રીય બેંકો દ્વારા લાદવામાં આવેલા બોજારૂપ વ્યાજ દરો આશ્ચર્યજનક રીતે સ્થિતિસ્થાપક સાબિત થયા છે. ૨૦૨૩ માં યુનાઈટેડ સ્ટેટ્સ અગ્રણી હતું, જેણે ગયા વર્ષે સંભવતઃ ૨.૫% વૃદ્ધિ નોંધાવી હતી, જે વિશ્વ બેંક દ્વારા મધ્ય-વર્ષમાં અપેક્ષિત હતી તેના કરતાં ૧.૪% વધુ ઝડપી હતી. જો કે, ઊંચા વ્યાજ દરોના કારણે યુએસ વૃદ્ધિ આ વર્ષે ૧.૬% સુધી ઘટશે. ફેડરલ રિઝર્વે માર્ચ ૨૦૨૨થી યુએસના વ્યાજ દરોમાં ૧૧ વખત વધારો કર્યો છે. તેના પ્રયાસોએ યુએસના ફુગાવાને ૨૦૨૨ના મધ્યમાં લગભગ ૨%ના લક્ષ્ય સ્તરે પહોંચતા ચાર દાયકાના ઉચ્ચ સ્તરે લાવવામાં મદદ કરી છે. ઊંચા દરો વૈશ્વિક ફુગાવાને પણ નિયંત્રિત કરી રહ્યા છે, જે ગયા વર્ષના ૫.૩%થી ઘટીને ૨૦૨૪માં ૩.૭% અને ૨૦૨૫માં ૩.૪% થવાનું વિશ્વ બેંકનું અનુમાન છે.

યુનાઈટેડ સ્ટેટ્સ પછી વિશ્વની બીજા ક્રમની સૌથી મોટી અર્થવ્યવસ્થા ચીનની અર્થવ્યવસ્થા આ વર્ષે ૪.૫% અને ૨૦૨૫માં ૪.૩% વધવાની ધારણા છે, જે ગયા વર્ષના ૫.૨%થી નીચી છે. ચીનની અર્થવ્યવસ્થા, જે દાયકાઓથી વૈશ્વિક વિકાસનું અગ્રણી એન્જિન છે, તાજેતરના વર્ષોમાં ધૂમ મચાવી રહી છે. તેનું ઓવરબિલ્ટ પ્રોપર્ટી માર્કેટ તાજેતરના વર્ષોમાં લોકપ્રિય બન્યું છે. જો કે યુવા બેરોજગારી સાથે ઉપભોક્તા નિરાશ છે અને તેની સતત વસ્તી વૃદ્ધ થઈ રહી છે. ચીનમાં મંદીનો વિકાસ વિકાસશીલ દેશોને નુકસાન પહોંચાડે તેવી શક્યતા છે જે ચીની બજારને કોલસાનું ઉત્પાદન કરતા દક્ષિણ આફ્રિકા અને તાંબાની નિકાસ કરતી ચીલી જેવા કોમોડિટીઝ સાથે સપ્લાય કરે છે. વિશ્વ બેંક અપેક્ષા રાખે છે કે યુરો ચલણ શેર કરતા ૨૦ દેશો આ વર્ષે ૦.૭% વૃદ્ધિ નોંધાવશે, જે ગયા વર્ષે ૦.૪%ના વિસ્તરણ પર સાધારણ સુધારો છે. જાપાનની અર્થવ્યવસ્થા માત્ર ૦.૯% વધવાની આગાહી છે, જે તેના ૨૦૨૩ના વિસ્તરણની અડધી ગતિ છે.

ભારતીય અર્થતંત્રમાં વૃદ્ધિ મજબૂત રોકાણના કારણે આવતા નાણાકીય વર્ષ દરમિયાન મજબૂત રહેવાની ધારણા છે. ૨૦૨૩ માં તેના ૬.૩% વિસ્તરણના અંદાજ સામે, નવીનતમ વૈશ્વિક આર્થિક સંભાવનાઓએ હવે ૨૦૨૪ માં ૬.૪% અને ૨૦૨૫ માં ૬.૫% જીડીપી વૃદ્ધિનો અંદાજ મૂક્યો છે. જો કે, સરકારના એક આગોતરા અંદાજ મુજબ ભારતીય અર્થતંત્ર ચાલુ નાણાકીય વર્ષમાં ૭.૩% ની વૃદ્ધિ કરશે. અનુમાનિત વૃદ્ધિ દરે, ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા તરીકે તેનો તાજ જાળવી રાખશે. બહુપક્ષીય એજન્સીએ જણાવ્યું હતું કે મૂડીરોકાણ ધીમી પડી રહ્યું છે પરંતુ તે મજબૂત રહેશે, તંદુરસ્ત કોર્પોરેટ અને બેંક બેલેન્સ શીટ તેમજ જાહેર રોકાણ દ્વારા તે સપોર્ટેડ છે. વિશ્વ બેંકને એવી અપેક્ષા છે કે ઉચ્ચ ફુગાવો અને રોગચાળાને પગલે માંગમાં ઘટાડો થવાને કારણે વપરાશની માંગ ઓછી રહેવાની અપેક્ષા છે. તેમણે ચેતવણી આપી હતી કે ચૂંટણી સંબંધિત અનિશ્ચિતતા આગામી કેટલાક મહિનામાં વિદેશી રોકાણને અસર કરી શકે છે.

## દેશનું પ્રથમ સંપૂર્ણ સ્વદેશી ડ્રોન તૈયાર, ભારતીય નેવીની તાકાત વધશે

હૈદરાબાદ,

ભારતીય નેવી ચીફ એડમિરલ આર.હરિકુમારે હૈદરાબાદમાં દૃષ્ટિ ૧૦ સ્ટારલાઈનર ડ્રોનનું અનાવરણ કર્યું હતું. આ માનવરહિત ડ્રોનને નેવીમાં સામેલ કરાશે. દૃષ્ટિ ૧૦ સ્ટારલાઈનર ડ્રોન અત્યાધુનિક યુએવી યુદ્ધને અનુકૂળ અને સ્વદેશી એડવાન્સ્ડ એરિયલ ટેક્નિકથી લેસ છે.

આ ડ્રોન ૩૬ કલાક એન્ડ્યોરેન્સ, ૪૫૦ કિલોગ્રામ પેલોડ ક્ષમતા ધરાવતું ઈન્ટેલિજન્સ અને સર્વેલાન્સ પ્લેટફોર્મ છે. આ એકમાત્ર સૈન્ય પ્લેટફોર્મ છે જે તમામ ઋતુમાં બંને હવાઈ ક્ષેત્રોમાં ઉડાન ભરી શકે છે. કંપનીએ કહ્યું કે નેવીના સમુદ્ર અભિયાનોમાં સામેલ થવા માટે યુએવી હૈદરાબાદથી પોરબંદર સુધી ઉડાન ભરશે. ભારતમાં સંપૂર્ણપણે સ્વદેશી રીતે તૈયાર કરવામાં આવેલ દૃષ્ટિ ૧૦ સ્ટારલાઈનરને નેવીને સોંપી દેવાયું છે અને તે દેશમાં નિર્મિત પ્રથમ યુએવી દૃષ્ટિ ૧૦ સ્ટારલાઈનર છે.

આ અવસરે એડમિરલ આર.હરિકુમારે કહ્યું કે આ એક મહત્ત્વપૂર્ણ અવસર છે અને આઈએસઆર ટેકનોલોજી અને સમુદ્રી વર્ચસ્વમાં આત્મનિર્ભરતાની દિશામાં એક ક્રાંતિકારી પગલું છે. એડમિરલે કહ્યું કે આપણા નેવી અભિયાનોમાં દૃષ્ટિ ૧૦ સામેલ થવાથી આપણા નૌસૈનિકોની ક્ષમતા વધશે અને સતત વિકસિત થતી સમુદ્રી પેટ્રોલિંગ અને સર્વેલાઈન્સ સિસ્ટમમાં આપણી તૈયારી મજબૂત થશે.

# મહિસાગર, ખેડા આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર


## મહીસાગર ભાજપ મહિલા મોરચા દ્વારા પ્રદેશ મહિલા મોરચા પ્રમુખના અધ્યક્ષસ્થાને યુવતી સંમેલન યોજાયું



લુણાવાડા, મહીસાગર જીલ્લા ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા દ્વારા લુણાવાડા પી.એન.પંડ્યા કોલેજ ખાતે પ્રદેશ મહિલા મોરચા પ્રમુખ દીપિકાબેન સરાડવાના અધ્યક્ષસ્થાને મદય ઝોન ઇન્ચાર્જ સિદ્ધીબેન જોશીની વિશેષ ઉપસ્થિતિમાં યુવતી સંમેલન યોજાયું.

મહિલા મોરચા પ્રદેશ પ્રમુખે દીર્ઘદ્રષ્ટા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મહિલા સશક્તિકરણ માટે લેવામાં આવેલ અનેક પગલાંઓ અને યોજનાઓની માહિતી આપી. અમૃતકાળમાં ૨૦૪૭ સુધી ભારતને સંપૂર્ણ વિકસિત બનાવવા સંકલ્પબધ્ધ થવા અપીલ કરી હતી. તેમજ આ સંમેલનમાં પ્રથમ વખત મતાધિકાર મેળવનાર યુવતીઓને મોદી સરકારની મહિલાલક્ષી વિવિધ યોજનાઓની જાણકારી સાથે તેમનો પ્રથમ મત ભાજપ પક્ષને આપે તે માટે પ્રેરિત કરવામાં આવી હતી. તેમજ સરકારની યોજનાઓથી સતત માહિતગાર રહે તે માટે નમોએપ ડાઉનલોડ કરાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે રમતગમત ક્ષેત્રે અગ્રેસર યુવતીઓ અને મહિલાઓ માટે સામાજીક સેવા કરતી સ્વયંસેવી સંસ્થાઓને નમો પુરસ્કાર પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવી હતી.

આ અવસરે જીલ્લા ભાજપ મહામંત્રી પ્રદીપસિંહ રાઠોડ, મહિલા મોરચાના પ્રભારી, મહિલા મોરચા પ્રમુખ નિશાબેન, મહામંત્રી લીલાબેન, મણીબેન નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ભાવનાબેન, નગર પ્રમુખ હિમાંશુભાઈ શાહ, કાર્યાલય મંત્રી જીગરભાઈ પંડ્યા, સમીર મહેતા, નગર મહિલા મોરચા પ્રમુખ મધુબાલા બેન, કિંજલબેન, હેમલતાબેન સહીત અગ્રણી મહિલા કાર્યકર્તા બહેનો અને વિશાળ સંખ્યામાં યુવતીઓ ઉપસ્થિત રહી હતી. તેમજ વિશેષ યોગદાન આપવા બદલ લુણાવાડા કોલેજના ટ્રસ્ટી હીરાભાઈ પટેલ, પ્રોફેસર ઈશ્વરભાઈ ડામોર, વેદાંત સ્કૂલના ટ્રસ્ટી,ક્રિસ્ટલ સ્કૂલના ટ્રસ્ટી તેમજ કોલેજના તમામ વિદ્યાર્થીનીઓનો મહીસાગર જીલ્લા ભાજપ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## હિંદુઆ સુરજ'' વીર શિરોમણી મહારાણા પ્રતાપ''ના ૧૧માં પૂત્ર પૂરણમલજી (પૂરાજી) રાણાવત-પૂરાવત રાજપૂત શાખાની પુસ્તકમાં વિરાસત સંગ્રહ વિશે પરામર્શ સભા યોજાઈ



લુણાવાડા, મહિસાગર જીલ્લાના ચુથાના મુવાડા ગામે પ્રેરણા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત પ્રવીણ વિદ્યાલય મુકામે રાજસ્થાન ભીલવાડા-ઉદયપુરથી પધારેલા મહેમાન, નારાયણસિંહ પૂરાવત, ડો.ભૂપેન્દ્રસિંહ રાઠોર તથા અજીતસિંહ પૂરાવત અને વિજયસિંહ પૂરાવતનું સ્વાગત શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવેલ હતું.

કાર્યક્રમમાં મહેમાનોનું સ્વાગત પુષ્પગુચ્છથી કરાયા બાદ મંડળના પ્રમુખ નરેન્દ્રસિંહ સિસોદીયા દ્વારા જેઓની મુલાકાત હેતુ વિશે સૌને માહિતગાર કરવામાં આવ્યા.

રાજસ્થાન ભીલવાડા ઠી. સાલમપુરાથી પધારેલા નારાયણસિંહ અને ડો.ભૂપેન્દ્રસિંહ રાઠોર-મહારાણા પ્રતિભા શોધ સંસ્થાન ઉદયપુર દ્વારા લુણાવાડા સ્ટેટમાં ઈડરથી પધારેલા મહાયોદ્ધા પૂરણમલસિંહજીની ઉપસ્થિતિમાં થયેલ વિક્રમી કહાનીઓ, યુદ્ધો વિશે સમજ આપી અને જેઓ દ્વારા થયેલ સિદ્ધિઓની છણાવટ કરવામાં આવી તેમજ તેઓના વડપણ હેઠળ સંવત ૧૬૮૨માં પૂરાવત રાખાના ભાયાત સબલસિંહને મલેકપુર ગામે ઠિકાણા સાથે ૨૪ ગામનો પટ્ટો અપાયો હતો. તેમ જણાવેલ હતું. ત્યાર બાદ ક્રમશઃ એક ભાયાત સબલસિંહે ચુથાના મુવાડા ગામ વસાવ્યું જે વંશાવલી આ મુજબ છે.

આ માહિતી આપ્યા બાદ સૌ મહેમાનો અને ગામના વડીલો દ્વારા ચુથાના મુવાડા ગામે આવેલા લાલદાદાબાવજીનાં સ્મારકની મુલાકાત લીધી હતી અને લાલદાદાબાવજીનો ઈતિહાસ જણાવ્યો હતો. જેમાં સંવત ૧૯૧૦માં લાલસિંહજી બાવજી સંતરામપુરથી મુથાના મુવાડા ગામે ઘોડેસવાર થઈ પરત ફરતા હતા. ત્યારે પઢારીયા મોહિલા ગામે અંગત અદાવતે ધીંગાણુ થતા તેઓ શહીદ થયેલ જેઓનું ધડ લઈને ઘોડી ચુથાના મુવાડા ગામે આવી આજે જ્યાં સ્મારક બનેલું છે. ત્યાં આવી. જે એમનું ધડ પાણી છંટકાવ કરી શાંત કરવામાં આવતાં ધડ ઘોડા પરથી જમીન પર આવ્યું. જે સ્થળે સ્મારક આવેલું છે. જેની પૂજા અર્ચના ગામના સહુ સિસોદીયા પરિવારના રાજપૂત રાજપૂતાણીઓ દ્વારા આસ્થા સાથે બાધા અને પૂજન કરવાં આવે છે. જે સિલસિલો આજે પણ ચાલુ છે. ''હાલમાં સિસોદીયા પરિવારમાંથી લગ્ન માટે વરરાજાને ગણપતી સ્થાપના અને વરઘોડો કરતા પહેલા તથા જાન પ્રસ્થાન પહેલા આ સ્મારક સામે નત મસ્તક થયા બાદ જ આગળની વિધી થતી હોય તેવું જણાવેલ છે.'' અંતમાં સૌ મહેમાનોનું આભાર વિધી દ્વારા આભાર માની કાર્યક્રમમાં જોડાયેલ મહેમાનોને ભાવભરી વિદાય આપવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રેરણા એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ નરેન્દ્રસિહ સિસોદીયાના માર્ગદર્શન હેઠળ એચ.કે. વણકર દ્વારા કરવામાં આવ્યું.

## અમદાવાદ અને ગાંધીનગર જીલ્લામાં આવેલી વાઈન શોપને રાત્રીના ૧૨ વાગ્યા સુધી ચાલુ રાખવા માટે મંજુરી

ગાંધીનગર, જિસકા મુજે થા ઈંતેઝાર વો ઘડી આ ગઈ...ડોન ફિલ્મના ગીતની આ કળી એટલા માટે યાદ આવી કારણકે, હાલમાં ગુજરાત સરકારે વાઈબ્રન્ટને પગલે એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. જેની એક ચોક્કસ વર્ગ રાહ જોઈને જ બેઠો હોય છે. એક ચોક્કસ શું પીવા વાળી પબ્લિક...ને સરકારની એક નિર્ણયથી મોજ પડી ગઈ છે. ગુજરાત સરકાર વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વાઈન શોપના ટાઈમિંગમાં વધારો કર્યો છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ભાગ લેવા દેશ વિદેશથી ડેલિગેટ્સ આવતા હોવાથી સરકારે આ નિર્ણય લીધો છે. આજથી એટલેકે, બુધવારથી ત્રણ દિવસ માટે ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ શરુ થઈ રહી છે. આ ઈવેન્ટમાં ભાગ લેવા માટે દેશ અને દુનિયાભરથી મહેમાનો ગુજરાત આવી રહ્યાં છે. આ મહેમાનો અમદાવાદ અને ગાંધીનગરમાં રોકાવાના છે. ત્યારે તેમની આગતા સ્વાગતા માટે તમામ પ્રકારની વ્યવસ્થા કરાઈ છે. ગિફ્ટ સિટી બાદ વાઈબ્રન્ટ સમિટ માટે સરકારે લિકર સંબંધિત નિયમો હળવા કર્યા છે. આ ગ્લોબલ ઈવેન્ટને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને ગાંધીનગર જીલ્લામાં આવેલી વાઈન શોપને રાત્રીના ૧૨ વાગ્યા સુધી ચાલુ રાખવા માટે મંજુરી આપી છે. આ મંજુરી ૧૦,૧૧,૧૨ જાન્યુઆરી સુધી માન્ય રહેશે. એવું પહેલીવાર થશે કે વાઈન શોપ્સ ૮ કલાકના બદલે ૧૪ કલાક ચાલુ રહેશે. રાજ્યના નશાબંધી અને આબકારી જકાત વિભાગના નોટીફિકેશન મુજબ વાઈબ્રન્ટ ઈવેન્ટ દરમિયાન વિદેશી દારૂના વેચાણ માટે ગાંધીનગર અને અમદાવાદ જીલ્લામાં આવેલી વાઈન શોપ સવારે ૧૦થી રાત્રીના ૧૨ વાગ્યા સુધી ખુલ્લી રાખવા માટે મંજુરી આપવામાં આવી છે. અગાઉ સમિટના પગલે વાઈન શોપ રાત્રીના ૧૦ વાગ્યા સુધી ખુલ્લી રાખવા માટે મંજુરી માંગવામાં આવી હતી. સામાન્ય સંજોગોમાં સવારે ૧૦વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી વાઈન શોપ ખુલ્લી રાખી શકાય છે.

## બાલાસીનોરના સ્વ.ભાવેશભાઈ મિત્ર મંડળ દ્વારા એન્ટ્રી ફી વગર ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન



બાલાસીનોર, સ્વ.ભાવેશભાઇના મિત્રો દ્વારા એમની યાદમાં બાલાસિનોર ખાતે વગર એન્ટ્રી ફી એ ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન ભાવેશ મિત્ર મંડળ દ્વારા બાલાસિનોરમાં જનસાથી ગ્રાઉન્ડ પર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહીસાગર જીલ્લાની આસરે ૨૦ અને ગુજરાત સહિત ૫૨ ટીમએ ભાગ લીધો હતો.

આ ટુર્નામેન્ટમાં ગુજરાતમાં અલગ-અલગ ગામ તથા શહેરમાં વસતા ભોઈ સમાજના લોકોએ ભાગ લીધો હતો. જેમાં ટોટલ ૫૨ ટીમ ઓ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટનું લાઈવ પ્રસારણ અને લાઈવ સ્કોરિંગ સાથે કરવામાં આવી હતી. ટુર્નામેન્ટ માં ફાઇનલ મેચ શૂટ આઉટ ભાવલા-૧૧ (બાલાસિનોર) અને કાંકણપુર-૧૧ વચ્ચે રમાઈ હતી. તેમાં કાંકણપુર-૧૧ નો વિજય થયો હતો. આ ટુર્નામેન્ટમાં વીજેતા ટીમના કેપ્ટન અજયભાઈ ભોઈને સ્વ.ભાવેશના માતાજીના હસ્તે ટ્રોફી એનાયત કરી હતી તથા ઉપ-વિજેતા બાલાસિનોર ટીમનાં કેપ્ટન મનોજ મહેરાને પાર્થભાઈ પાઠકના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ સમર્ગ ટુર્નામેન્ટનું આયોજન ભાવેશ મિત્ર મંડળનાં સભ્યો મનોજ મહેરા, નીતિન મહેરા, હિતેશ મહેરા(કારિયો), મનોજ ભોઈરાજ, અશ્વિન મહેરા, વિજય મહેરા, હિતેશ મહેરા, વિરાજ મહેરા (દેવો), ધવલ મહેરા, સુનિલ મહેરા એને અન્ય બીજા સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

## કુંડીય મહાયજ્ઞમાં શ્રી રામના ૨૧૨૧ વંશજો આપશે યજ્ઞ, નેપાળના ૨૧ હજાર પંડિતો ભાગ લેશે

અયોધ્યા, શ્રી રામ લાલાના અભિષેક પછી રામનગરીમાં ઘણી બધી ઉજવણી અને ધાર્મિક વિધિઓ થશે. સરયુના કિનારે ૨૧૨૧ કુંડિયા શ્રી રામ મહાયજ્ઞ યોજાશે. આમાં લગભગ ૧૦,૦૦૦ રઘુવંશીઓ, જેઓ શ્રી રામના વંશજ હોવાનું કહેવાય છે, તેઓ વિવિધ રાજ્યોમાંથી આવશે અને બલિ ચઢાવશે. આ પ્રસંગને ભવ્ય રૂપ આપવા માટે સરયુના કિનારે ૬૦ એકર જમીનમાં લગભગ એક મહિનાથી હવન કુંડ અને ટેન્ટ સિટી બનાવવામાં આવી રહી છે.

ઓગસ્ટ ૨૦૧૯માં શ્રી રામ મંદિર કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટમાં સવાલ ઉઠ્યો હતો કે શ્રી રામના વંશજો ક્યાં છે? તે સમયે, જયપુર શાહી પરિવારની પૂર્વ રાજકુમારી દિયા કુમારી સહિત ઘણા પક્ષોએ તેમની વંશાવળી શ્રી રામના પુત્રો કુશ અને લવ સાથે જોડીને રામના વંશજ હોવાનો દાવો કર્યો હતો. જ્યારે આ બાબત જાહેર થઈ ત્યારે રઘુવંશી સમુદાયના મધ્ય પ્રદેશના કનક બિહારી દાસે શ્રી રામના વંશજોને એક કરવાના ઉદ્દેશ્ય સાથે અયોધ્યામાં ૯૦૦૯ કુંડીય મહાયજ્ઞનું આયોજન કરવાની જાહેરાત કરી. મણિરામ દાસ છાવણીના મહંત નૃત્ય ગોપાલ દાસે પણ તેમને યજ્ઞ સમ્રાટની પદવીથી સન્માનિત કર્યા હતા. જ્યારે આ ઠરાવ દેશના સાત રાજ્યોમાં પ્રસારિત થયો, ત્યારે તે દરમિયાન તેઓ ગોલોક સિધ્ધરમાં ગયા. હવે આ સંકલ્પને પૂરો કરવાની જવાબદારી તેમના શિષ્યોએ ઉપાડી લીધી છે.

મધ્યપ્રદેશના અખંડ રઘુવંશી સમાજ કલ્યાણ મહાપરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ હરિશંકર સિંહ રઘુવંશીએ જણાવ્યું કે હવે ૧૦ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન સરયૂના કિનારે ૨૧૨૧ કુંડીય મહાયજ્ઞ યોજાશે. આમાં સંગઠન ઉપરાંત ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત, બિહાર અને હિમાચલ પ્રદેશમાં ફેલાયેલા રઘુવંશી સમાજના લોકો ભાગ લેશે. નવ યજમાનોની શુદ્ધિ થશે. યજ્ઞનું સંચાલન કરવા માટે બનારસથી એક વડા આચાર્ય અને ૧,૦૦૦ સહાયક આચાર્યોને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ સંકુલમાં બનેલા ટેન્ટ સિટીમાં લોકો રહેશે. મહાયજ્ઞમાં દેશના સંતો, મહંતો અને રાજકીય લોકો પણ ભાગ લેશે.

૧૪ થી ૨૫ જાન્યુઆરી દરમિયાન સરયુ કિનારે શ્રી રામનામ મહાયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવનાર છે. આ ભવ્ય અનુષ્ઠાન સંત આત્માનંદ દાસ મહાત્યાગી નેપાળી બાબા સાથે મળીને થઈ રહ્યું છે. આ માટે ૧૦૦૮ નર્મદેશ્વર શિવલિંગની સ્થાપના કરવામાં આવશે અને તેના માટે ૧૦૦૮ ઝૂંપડીઓ પણ બનાવવામાં આવી છે. અહીં ૧૧ માળનો યજ્ઞ મંડપ બનાવવામાં આવ્યો છે, તેમાં ૧૦૦ તળાવ છે. યજ્ઞમાં નેપાળના ૨૧ હજાર પંડિતો ભાગ લેશે. ૧૭મીથી રામાયણના ૨૪ હજાર શ્લોક સાથે હવન શરૂ થશે, જે ૨૫મી જાન્યુઆરી સુધી ચાલશે. નેપાળી બાબાએ જણાવ્યું કે દરરોજ ૫૦ હજાર શ્રદ્ધાળુઓને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ સાથે અહીં દરરોજ લગભગ એક લાખ ભક્તો ભોજન કરશે.

ઘુંઘરુ શહેર એટાના જાલેસરમાં ઉત્પાદિત ૨૪૦૦ કિલોની ઘંટડી મંગળવારે અયોધ્યા પહોંચી હતી. આ કલાક શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને સમર્પિત કરવામાં આવ્યો છે. આ ઘંટ નવનિર્મિત રામ મંદિરમાં સ્થાપિત કરવામાં આવશે. સાવિત્રી ટ્રેડર્સના માલિકો આદિત્ય મિત્તલ અને પ્રશાંત મિત્તલ દ્વારા બનાવેલા ઘડિયાળની કિંમત ૨૫ લાખ રૂપિયા છે. ઘંટા મંગળવારે મોડી સાંજે વિશેષ રથ પર અયોધ્યા પહોંચ્યા હતા. ઘંટડી અષ્ટધાતુથી બનેલી છે, જેમાં પિત્તળ, કાંસ્ય, તાંબુ, એલ્યુમિનિયમ, લોખંડ, સોનું, ચાંદી અને જસતનો સમાવેશ થાય છે. ૨૪૦૦ કિલોની ઘંટડી બનાવવામાં એક દિવસનો સમય લાગ્યો હતો. આ કામ માટે ૭૦ કામદારો કામે લાગ્યા હતા. રથયાત્રામાં માર્ગમાં વિવિધ સ્થળોએ ફૂલોની વર્ષા કરવામાં આવી હતી અને હજારો લોકોએ રથયાત્રાની મુલાકાત લીધી હતી. બેંગ્લોરથી પાંચ ફૂટની અગરબત્તી અને હવન સામગ્રી પણ અયોધ્યા પહોંચી છે.

## આગામી મહિને ભાજપની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠકમાં પીએમ મોદી પાર્ટીના નેતાઓને વિજય મંત્ર આપશે

નવીદિલ્હી, ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારિણી અને રાષ્ટ્રીય પરિષદની બેઠક આવતા મહિને યોજાશે. આ બેઠક ૧૬ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન દિલ્હીમાં યોજાશે. જેમાં લોકસભાની ચૂંટણીની તૈયારીઓનો હિસાબ લેવામાં આવશે. આ બેઠકમાં દેશભરમાંથી ભાજપના ૨૦૦૦ જેટલા નેતાઓ હાજરી આપશે. આ મહત્વપૂર્ણ બેઠકમાં વડાપ્રધાન મોદી ચૂંટણીમાં જીતનો મંત્ર આપશે. લોકસભા ચૂંટણી પહેલા ભાજપમાં સક્રિયતા ઝડપથી વધી રહી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડાએ લોકસભા ચૂંટણી પહેલા પાર્ટીના મહાસચિવોને નવી જવાબદારીઓ આપવાનું શરૂ કરી દીધું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપે પાર્ટીના મહાસચિવ વિનોદ તાવડેને જોઈનિંગ કમિટીની જવાબદારી સંભાળવા માટે કહ્યું છે. આ સમિતિ ભાજપમાં અન્ય પક્ષોના પ્રભાવશાળી નેતાઓ અને વર્તમાન સાંસદોને સામેલ કરવાની શક્યતાઓ તપાસશે. ભાજપ આવું એટલા માટે કરી રહ્યું છે કે આવા નેતાઓના પ્રભાવ અને ચૂંટણી જીતવાની તેમની ક્ષમતાને ધ્યાનમાં રાખીને તેમને પાર્ટીમાં લાવીને ચૂંટણી લડી શકાય. તેવી જ રીતે ભાજપે વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવાનું કામ રાધામોહન દાસ અગ્રવાલને સોંપ્યું છે. તેઓ કેટલાક અન્ય મોટા નેતાઓ સાથે મળીને લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે પાર્ટીનો વિઝન ડોક્યુમેન્ટ બનાવશે. ચૂંટણી પ્રચાર, પ્રચાર અને સંગઠનને લગતી અન્ય કામગીરી સુનિલ બંસલ અને અન્ય મહામંત્રીઓ સંભાળશે. દુષ્યંત ગૌતમ દેશભરમાં બૌદ્ધ સંમેલનોનું આયોજન કરશે અને મોદી સરકારની કામગીરી વિશે જણાવશે. અગાઉ જેપી નડ્ડાએ મંગળવારે પાર્ટીના મહાસચિવો અને કેન્દ્રીય મંત્રીઓ ધર્મેન્દ્ર પ્રધાન, ભૂપેન્દ્ર યાદવ, અશ્વિની વૈષ્ણવ અને મનસુખ માંડવિયા સાથે બેઠક કરી હતી.

## આપની આજ.......

મેષ : આજે તમે શાંત દિવસ પસાર કરશો. આજે કાર્યક્ષેત્રમાં ધંધો કંઈ ખાસ રહેશે નહીં, છતાં આત્મસંતોષની લાગણીને કારણે મન પરેશાન નહીં થાય. આ દિવસે તમારે તમારા વડીલોના આદેશોનું પાલન કરવું પડશે.

વૃષભ : આજે તમારા માટે પ્રગતિનો દિવસ છે. કાર્યસ્થળ પર અનુકૂળ વાતાવરણ રહેશે એટલે સફળ થશો, તેના પરિણામ ચોક્કસપણે નાણાકીય લાભોના રૂપમાં મળશે.

મિથુન : નોકરી કરતા લોકોને વધારે કામ મળતા થોડી અગવડતા રહી શકે છે, પરંતુ બપોર સુધીમાં મહેનતનું ફળ મળવાનું શરૂ થઈ જશે. આર્થિક દ્રષ્ટિકોણથી દિવસ સંતોષકારક રહેશે, છતાં પૈસા સંબંધિત કામોમાં સ્પષ્ટતા રાખો.

કર્ક : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ ડીલ રદ થવાની અથવા અન્ય કોઈપણ પ્રકારનો અવરોધ ઊભો થાય તેવી સંભાવના છે. પૈસા સંબંધિત કામમાં સાવચેત રહો, નહીં તો નુકસાન થઈ શકે છે.

સિંહ : આ દિવસે તમારો નિત્યક્રમ થોડો અશાંત રહી શકે છે. તમારે કોઈ ખર્ચાળ કામ કરવા પડશે, જે પારિવારિક સુખ અને શાંતિ માટે જરૂરી રહેશે, પરંતુ બજેટ બગડવાનો ભય છે.

કન્યા : તમારે અનેક કાર્યોનો સામનો કરવો પડશે. ખર્ચ આવક કરતા વધારે હોઈ શકે છે, પરંતુ ફક્ત જરૂરી કામોમાં ખર્ચ કરશો. નજીકના સમયમાં તમને નાણાંનો લાભ થશે.

તુલા : આજે તમારી અંદર વધુ ચંચળતા રહેશે. જો મન કોઈ એક નિર્ણયને વળગી નહીં રહે તો લાભની તકો ખોવાઈ શકે છે. આજે તમે ઝડપથી કોઈ પર વિશ્વાસ નહીં કરો. શંકા રાખતા ઘરના સભ્યો સાથે બગાડી શકો છો.

વૃશ્ચિક : આજે સિદ્ધિનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી કોઈપણ કાર્ય પૂર્ણ કરવા ઉતાવળ રહેશે. વેપારી વર્ગને આજે થોડી વધુ મહેનત કરવી પડી શકે છે.

ધન : આજનો દિવસ તમારા માટે વિપરિત પરિસ્થિતિવાળો હોઈ શકે છે. તમે જે પણ કાર્ય કરો છો તેની સફળતા શંકાસ્પદ રહેશે, પરંતુ તમને લાભ થતો રહેશે. પરિવારના સભ્યો તમારો મૂડ સમજી શકશે, જેના કારણે પરસ્પર સુમેળ રહેશે. ધાર્મિક ક્ષેત્રની યાત્રા પણ બનશે.

મકર : આ દિવસે તમારી પોતાની ભૂલથી નુકસાન પહોંચાડી શકો છો. તમારા નિર્ણયને વળગી નહીં રહો તો જાહેર ક્ષેત્રમાં અથવા પરિવારમાં ટીકાઓનો સામનો કરવો પડી શકે છે.

કુંભ : તમારા માટે આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. તમે કાર્યો પ્રત્યે બહુ ગંભીર નહીં રહો, તેમ છતાં તમે જે કાર્ય કરો છો તેમાં નિશ્ચિત સફળતા મળશે. કોઈને પણ આપેલા વચન સમયસર પૂરા કરવામાં અસમર્થ રહેશો.

મીન : આજે તમે જાહેર કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપશો. તમારા પરિવારની પ્રતિષ્ઠા વધારવા બદલ તમારા પરિવારના સભ્યોને તમારા પર ગર્વ થશે. પરંતુ ઘરના કાર્યોમાં આળસ રાખતા થોડા સમય માટે વાતાવરણ બગડશે. બપોર સુધીનો સમય વ્યસ્ત રહેશે.

## હું નસીબદાર છું કે પહેલા સમિટથી આ ઈવેન્ટ સાથે જોડાયેલો છું, મુકેશ અંબાણી

ગાંધીનગર, ભારતના અગ્રણી ઉદ્યોગપતિઓ આજે ગુજરાત ગ્લોબલ વાઈબ્રન્ટ સમિટમાં હાજરી આપી હતી અને સમિટમાં સંબોધન આપ્યુ છે. જેમાં લક્ષ્મી મિત્તાલે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના મંચ પર સંબોધન કરતા જણાવ્યુ હતુ કે ગત વાયબ્રન્ટ ગુજરાતમાં હું આવ્યો હતો, જેમાં વડાપ્રધાન મોદીએ વન અર્થ વન ફેમીલી વન ફર્યુચરની વાત કરી હતી.

ગુજરાતમાં ફેર ટ્રાન્સપરન્ટ અને પોલસી ડ્રાઈવન સરકારની ઓળખ રહી છે. જે અન્ય રાજ્યથી અલગ છે. એટલે અમારી કંપની પણ અહીં રોકાણ કરી રહી છે.આજથી ૪ વર્ષ પહેલાં અમારી કંપની અહીં કામ શરૂ કર્યુ હતું. ૨૦૨૬ સુધીમાં અમારો પ્રોજેકટ પૂરો થઈ જશે.જ્યારે આ પ્રોજેકટ પૂરો થશે ત્યારે ૨૪૦૦ મિલિયન ટન સ્ટીલ પ્રોડક્ટ કરી દેશમાં હબ ૧ બની જશે.

ઉદ્યોગપતિ મુકેશ અંબાણીએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના મંચ પર જણાવ્યુ કે હું નસીબદાર છું કે પહેલા સમિટથી આ ઈવેન્ટ સાથે જોડાયેલો છું. મને ગુજરાતી હોવાનું અભિમાન છે. નવું ગુજરાત વડાપ્રધાન મોદીના વિઝનને આભારી છે.સાથે જ તેમણે જણાવ્યુ કે નરેન્દ્ર મોદી ભારતના ઈતિહાસના સૌથી સફળ વડાપ્રધાન છે. મુકેશ અંબાણીએ જણાવ્યુ કે મારા પિતાએ મને કહ્યું કે ગુજરાત જન્મ ભૂમિ છે અને કર્મ ભૂમિ છે. ત્યારે આ ૫ સંકલ્પ છે. રિલાયન્સ ૧૦ વર્ષ સુધી ગુજરાત માં.લિડીગ રોલ માં રહેશે. તેમજ રીન્યુબલ એનર્જી માં અમારું યોગદાન રહેશે ગુજરાત એ લિડીગ એકસપોર્ટ આ ક્ષેત્ર માં બનાવીશું. રિલાયન્સ જીઓ થી અમે ગુજરાત ને ડેટા ક્ષેત્રે ગ્લોબલ ફલક પર લઈ જઈશું જેમાં એઆઈ મહત્વ ની ભૂમિકામાં હશે.રિલાયન્સ રિટેલ દ્વારા ખેડૂતો અને સામાન્ય લોકો માટે મહત્વની ભૂમિકામાં હશે.તો કાર્બન ફાઈબર ફેસિલિટી માં અગ્રેસર બનીશું.તો આગામી સમયમાં ભારતમાં રમાનાર ઓલમ્પિક ગેમ માટે મદદરૂપ ભૂમિકામાં હોઈશું.

## ભાજપ જાન્યુઆરીના અંતિમ સપ્તાહ અથવા ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં તેના ઉમેદવારોના નામની જાહેરાત કરી શકે છે

નવીદિલ્હી, લોકસભા ચૂંટણીની સરખામણીમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં વધુ બેઠકો પર લડશે. લોકસભા ચૂંટણી માટે આચારસંહિતા લાગુ થાય તે પહેલા ભાજપ જાન્યુઆરીના અંતિમ સપ્તાહ અથવા ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં તેના ઉમેદવારોના નામની જાહેરાત કરી શકે છે. ભાજપ પોતાની પ્રથમ યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાજનાથ સિંહ અને ગૃહમંત્રી અમિત શાહના નામની જાહેરાત કરશે.

છેલ્લી ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પણ ભાજપે પોતાની પહેલી યાદીમાં પીએમ મોદી, અમિત શાહ અને રાજનાથ સિંહની સીટોના નામ જાહેર કર્યા હતા. ભાજપની પ્રથમ યાદીમાં તે ૧૬૪ બેઠકોમાંથી મોટાભાગની બેઠકો પર ઉમેદવારોના નામ પણ હશે, જે બેઠકો ભાજપ આજ સુધી ક્યારેય જીતી શકી નથી અથવા ૨૦૧૯માં જીતનું માર્જિન ઘણું ઓછું હતું. ભાજપ છેલ્લા બે વર્ષથી આવી બેઠકો પર સતત મહેનત કરી રહ્યું છે. છેલ્લી લોકસભા ચૂંટણીમાં ભાજપે ૫૪૩માંથી ૪૩૬ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૩૦૩ બેઠકો જીતી હતી અને ૧૩૩ બેઠકો પર ચૂંટણી હારી હતી. ૩૧ અન્ય બેઠકો પણ છે, જ્યાં પાર્ટી નબળી છે.આ ૧૬૪ બેઠકોનું ક્લસ્ટર બનાવીને, આની જવાબદારી ગૃહ પ્રધાન અમિત શાહ સહિત કેન્દ્રીય પ્રધાનો અને વરિષ્ઠ નેતાઓને સોંપવામાં આવી હતી.

ભાજપે આ સીટોને સી અને ડી કેટેગરીમાં વહેંચી છે અને ૮૦ સીટોની બે કેટેગરી બનાવી છે. આ બેઠકોની જવાબદારી ૪૫ મંત્રીઓને આપવામાં આવી છે. દરેક મંત્રી બે થી ત્રણ બેઠકો માટે જવાબદાર છે. આ વખતે ભાજપ ગત લોકસભા ચૂંટણી કરતાં વધુ બેઠકો પર ચૂંટણી લડી શકે છે, કારણ કે આ વખતે તેના સહયોગીઓની સંખ્યા ગત વખતની સરખામણીએ ઓછી થઈ છે.૨૦૧૯ માં, ભાજપે પંજાબમાં શિરોમણિ અકાલી દળ, બિહારમાં જદયુ, મહારાષ્ટ્રમાં શિવસેના, તમિલનાડુમાં એઆઈએડીએમકે અને રાજસ્થાનમાં હનુમાન બૈનીવાલની પાર્ટી આરએલપી સાથે સંકલન કર્યું હતું. ભાજપે પંજાબની ૧૩માંથી ૩ બેઠકો, મહારાષ્ટ્રની ૪૮માંથી ૨૫ અને બિહારની ૪૦માંથી ૧૭ બેઠકો પર ચૂંટણી લડી હતી. જ્યારે તમિલનાડુમાં એઆઈએડીએમકેએ ભાજપને પાંચ બેઠકો આપી હતી. આ વખતે ભાજપ આ રાજ્યોમાં વધુ બેઠકો પર ચૂંટણી લડશે.

ભાજપે ઉત્તર પ્રદેશમાં એવી ૧૪ બેઠકોની યાદી તૈયાર કરી છે જ્યાં તે પોતાને નબળી માને છે. પાર્ટીએ ૨૦૧૯માં ઉત્તર પ્રદેશમાં ૧૬ બેઠકો ગુમાવી હતી, પરંતુ પેટાચૂંટણીમાં બે બેઠકો જીતી હતી. રાયબરેલી, મૈનપુરી, બિજનૌર, સહારનપુર, સંભાલ, મુરાદાબાદ, ગાઝીપુર, જૌનપુર, રામપુર, આઝમગઢ, નગીના, અમરોહા, આંબેડકર નગર, શ્રાવસ્તી, ઘોસી, લાલગંજ સીટ માટે ઉમેદવારોના નામ પ્રથમ યાદીમાં હશે. આમાંની કેટલીક બેઠકો સપાનો ગઢ માનવામાં આવે છે અને આ સંદર્ભે ભાજપ તેમને પોતાના ફોલ્ડમાં લાવવાનો પ્રયાસ કરી રહી છે.

પ્રથમ યાદીમાં બિહારની નવાદા, સુપૌલ, કિશનગંજ, કટિહાર, મુંગેર, ગયા, સુપૌલ સીટો માટે ઉમેદવારો જાહેર કરવામાં આવશે. મધ્યપ્રદેશની છિંદવાડા બેઠક ખૂબ જ નબળી શ્રેણીમાં આવે છે. આ પૂર્વ સીએમ કમલનાથનો ગઢ છે. અહીં વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ફરી એક ઝટકો લાગ્યો છે. તેની જવાબદારી ગિરિરાજ સિંહને આપવામાં આવી છે. કેરળમાં થ્રિસુર, થટનમિટ્ટા અને તિરુવનંતપુરમ બેઠકો છે. ભાજપ ત્રિશૂરથી સુરેશ ગોપીને ટિકિટ આપી શકે છે.

મહારાષ્ટ્રમાં બારામતી, બુલઢાણા અને ઔરંગાબાદ, પંજાબમાં અમૃતસર, આનંદપુર સાહિબ, ભટિંડા અને ગુરદાસપુર બેઠકોનો સમાવેશ થાય છે. ગઠબંધનની અંદર ચર્ચાને કારણે પંજાબ, મહારાષ્ટ્ર અને બિહારની કેટલીક સીટો પણ બદલાઈ શકે છે. આ વખતે ભાજપ ૭૦ વર્ષથી વધુ ઉંમરના અને ત્રણ વખતથી વધુ વખત જીતેલા લોકસભાના સાંસદોને ટિકિટ નહીં આપવાનું આયોજન કરી રહ્યું છે. તેનો પ્રયાસ નવા ચહેરા પર દાવ લગાવવાનો છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ૫૦ ટકાથી વધુ વોટ મેળવવાનું લક્ષ્ય રાખ્યું છે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દાહોદ તાલુકાના ખરોદા ગામ ખાતે મંત્રી એ.નારાયણસ્વામીના અધ્યક્ષ સ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

દાહોદ,

દાહોદ જીલ્લાના ખરોદા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ ભારત સરકારના સામાજીક ન્યાય અને સશક્તિકરણ વિભાગના રાજ્યમંત્રી એ.નારાયણસ્વામીનાં અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે દાહોદ જીલ્લા વહીવટીતંત્ર સહિત પદાધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ રહયા છે. કલ્યાણકારી યોજનાઓ સાથે આવેલા રથને વધાવવા ખરોદા ગામે જનમેદની ઉમટી પડી હતી.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

વિકાસની પ્રતિબદ્ધતા વ્યકત કરતા મંત્રી એ.નારાયણસ્વામીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ હંમેશા આદિવાસીઓના હિતને પ્રાધાન્ય આપ્યું છે. આદિવાસીઓના સર્વાંગી ઉત્થાન માટે સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. જેનો લાભ લાખો આદિવાસી બંધુઓ લઈ રહ્યા છે. દેશના તમામ ગામો તથા શહેરોમાં વિકસિત ભારત યાત્રાના માધ્યમથી વિવિધ યોજનાના લાભો લાભાર્થીઓને અપાઈ રહ્યા છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની નેમને સાકાર કરવા સરકાર દ્વારા નાગરિકોને શ્રેષ્ઠ શિક્ષણ, વીજળી, પાણી, આરોગ્ય, રોજગારી, સિંચાઈ સહિતની માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ રહી છે. ભારત વિશ્વગુરૂ બને અને માં ભારતી પરમ વૈભવના શિખરે બિરાજે તે માટે સરકાર કટિબદ્ધ છે.

વધુમાં તેમણે જણાવ્યું કે,વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી કેન્દ્ર અને રાજય સરકાર પ્રજાલક્ષી યોજનાઓના લાભો જનજન સુધી પહોચાડવા સરકાર કટિબધ્ધ છે. વિકસિત ભારત યાત્રા યોજનાકીય લાભોથી વંચિત રહેલા નાગરિકોને લાભાન્વિત કરવાનું માધ્યમ બન્યું છે. આયુષ્માન કાર્ડ થકી ૧૦ લાખ સુધીની નિઃશુલ્ક આરોગ્ય સારવાર સુવિધા ઉપલબ્ધ કરાવી છે. મંત્રીએ છેવાડાના ગરીબ, મધ્યમવર્ગના લોકોના હિત માટે સરકાર હરહંમેશા પ્રયત્નશીલ હોવાનો મત વ્યક્ત કરી સરકારની યોજનાઓનો બહોળો લાભ લેવા સૌને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે દાહોદ ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી એ જણાવ્યું હતું કે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના મુખ્ય બે હેતુ છે. એક કેન્દ્ર અને રાજય સરકારની યોજનાની માહિતી લોકોને મળે છે. પોતપોતાના હકની જાણકારી પ્રાપ્ત થાય છે નાગરિક જાગૃત બને છે અને બીજો હેતુ એ છે કે, જાણકારી મળવાથી લાભાર્થીઓ સો ટકા યોજનાથી લાભાન્વિત થાય છે. કાર્યક્રમમાં મહાનુભાવો દ્વારા અલગ અલગ યોજનાના લાભાર્થીઓને સ્ટેજ પરથી લાભાર્થીઓને લાભો વિતરણ કરવામાં આવ્યા હતાં. સાથે ઉપસ્થિત સૌ લોકોએ વિકસિત ભારત માટે શપથ લઈ સંકલ્પબદ્ધ થયા હતા. મંત્રી અને ઉપસ્થિત મહાનુભાવો વિવિધ સ્ટોલ ની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ કરણસિંહ ડામોર, નિવાસી અધિક કલેકટર એ.બી.પાંડોર, પ્રાયોજના વહીવટદાર સ્મિત લોઢા, પ્રાંત અધિકારી નીલંજશા રાજપુત, મામલતદાર મનોજ મિશ્રા, તાલુકા વિકાસ અધિકારી સહિત સંબંધિત વિભાગના કર્મયોગીઓ, લાભાર્થીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

## દાહોદ શહેર સહિત જીલ્લામાં કમોસમી વરસાદથી ઠંડીમાં વધારો થયો

દાહોદ,

દાહોદ શહેર સહિત જીલ્લામાં ગતરોજ રાત્રિના સમયે ઓચિંતો કમોસમી વરસાદ પડતાં ઠંડીમાં વધારો થયો છે. મોડી રાત્રિથી વહેલી સવારના ૦૮ વાગ્યા સુધી વરસાદ પડતાં લોકોને તીવ્ર ઠંડીનો અહેસાસ થયો હતો. ખેડુતોમાં પણ ચિંતાના વાદળો છવાઈ ગયાં છે. ત્યારે જીલ્લાની એપીએમસીમાં અનાજનો જથ્થો પલળી જતાં મોડી રાત્રિના સમયે વેપારીઓમાં દોડધામ પણ મચી જવા પામી હતી.



શિયાળાની કડકડતી ઠંડી વચ્ચે દાહોદ શહેર સહિત જીલ્લામાં કમોસમી વરસાદ પડતાં તાપમાનનો પારો ગગડતાં હાડ થીજાવતી ઠંડીમાં દાહોદવાસીઓ ઠુઠવાયા છે. માવઠાની આગાહીના પગલે દાહોદ શહેર સહિત જીલ્લામાં ગઈકાલે દિવસ દરમ્યાન વાદળછાયા વાતાવરણ બાદ રાતે દશેક વાગ્યાના સુમારે વાતાવરણમાં એકાએક પલ્ટો આવતાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડ્યો હતો. જીલ્લામાં કેટલીક જગ્યાએ ધીમીધારે તો કેટલીક જગ્યાએ ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડયો હતો. દાહોદમાં શરૂઆતમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડ્યા બાદ આખી રાત ઝરમર પડચો હતો અને સવારે પણ એક ઝાપટુ પડ્યું હતું. આ કમોસમી વરસાદને કારણે ઘઉં, ચણા જેવા શિયાળું પાકને નુકશાન થયાની ભીતી સેવાઈ રહી છે. દાહોદ જીલ્લામાં શિયાળાની મોડી મોડી જમાવટ બાદ આ કમોસમી વરસાદને કારણે વાતાવરણ ટાઢુંબોળ થઈ જતાં દાહોદવાસીઓ કાતિલ ઠંડીમાં ઠુઠવાયા છે. દાહોદ જીલ્લામાં દાહોદ, દેવગઢ બારીઆ, સંજેલી, ધાનપુર, લીમખેડા સહીતના વિસ્તારમાં કમોસમી વરસાદ વરસતા ધરતી પુત્રો ચિંતિત બન્યા છે. આ કમોસમી વરસાદને કારણે શહેરમાં ખાંસી, શરદી, તાવ તેમજ વાયરલ ઈન્ફેકશનના કેસોમાં વધારો થવાની સંભાવનાઓ વ્યકત કરાઈ રહી છે.

## દે.બારીયાના અંતેલા ગામેથી ફોરવ્હીલ માંથી ૧.૬૮ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના અંતેલા ગામેથી દાહોદ એલ.સી.બી. પોલીસે એક ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા.૧,૬૮,૦૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા.૬,૭૩,૫૦૦ના મુદ્દામાલ સાથે ગાડીના ચાલક સહિત ત્રણ ઈસમોની પોલીસે અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.



દાહોદ જીલ્લામાં પ્રોહીની પ્રવૃતિઓને અટકાવવા, જુગારના અડ્ડાઓ ઉપર રેડ પાડવા, નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા, અસામાજીક તત્વોને ઝડપી પાડવા વિગેરે જેવા અનેક ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ દેવગઢ બારીઆના અંતેલા ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ગાડી નજીક આવતાંની સાથે તેને ચારેય તરફથી ઘેરી લઈ ગાડીમાં સવાર પ્રકાશભાઈ ગોપાલભાઈ નાનુરામ ડામોર, કનૈયાલાલ ઉર્ફે કાનો છગનભાઈ નાનુરામ તાડ અને સોનુ ચંદુભાઈ સુખરામ વસુનીયા (ત્રણેય રહે. મધ્યપ્રદેશ) નાઓને ઝડપી પાડી ગાડીની તલાસી લેતાં ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ.૧૨૪૮ કિંમત રૂા.૧,૬૮,૦૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા.૬,૭૩,૫૦૦નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરા તાલુકાના ભીતોડી પ્રાથમિક શાળામાં વિશ્વ હિન્દી દિવસની ઉજવણી કરાઈ

ફતેપુરા ,


ફતેપુરા તાલુકાની ભીતોડી પ્રાથમિક શાળામાં વિશ્વ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય હિન્દી દિવસની જેમ વિશ્વ હિન્દી દિવસની ઉજવણી શાળા કક્ષાએ કરવામાં આવી હતી હતી.જેમાં વિશ્વ હિન્દી દિવસ કેમ ઉજવવામાં આવે છે અને ક્યારથી છે ? આપણે કેવી રીતે ઉજવણી કરવી જોઈએ ? જેવી બાબતોની બાળકોને આચાર્ય દ્વારા જાણકારી આપવામાં આવી હતી. સાથે સાથે એ પણ જણાવવામાં આવ્યું કે, આપણે અંગ્રેજોની ગુલામી માંથી આઝાદી મેળવી છે. પરંતુ માનસિક રીતે હજી પણ અંગ્રેજોએ આપેલી અંગ્રેજી ભાષાના ગુલામ છીએ. અંગ્રેજી ભાષાને વધુ મહત્વ આપવામાં આવે છે અને બાળકોને પાયાનું શિક્ષણ અંગ્રેજી માધ્યમમાં આપીને વાલીઓ ગૌરવ અનુભવતા હોય છે. પરંતુ બાળકોને પાયાનું શિક્ષણ હંમેશા માતૃભાષામાં જ આપવું જોઈએ. કારણકે, માતૃભાષાનું મહત્વ માતાના દૂધ જેટલું છે તથા રાષ્ટ્રભાષાનું મહત્વ પણ બીજી ભાષાઓ કરતા ઓછું ન હોવુ જોઈએ. જેવી જાણકારી બાળકોને આપવામાં આવી હતી અને બાળકોને નાનપણથી જ રાષ્ટ્રભાવના વિકસે એ હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સાથે-સાથે સપ્તાહમાં એક દિવસ શાળામાં તમામ પ્રકારનો વ્યવહાર હિન્દી ભાષામાં કરવાનું આયોજન કરાયું. જેમાં દર બુધવારના રોજ શાળાનો સંપૂર્ણ વ્યવહાર હિન્દી ભાષામાં કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે-સાથે વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં ચિત્ર સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા અને નિંબધ લેખન સ્પર્ધા યોજાઈ જેમાં વિજેતા બાળકોને એના વિતરણ કરવામાં આવ્યું. આમ, શાળામાં ફરજ બજાવતા શિક્ષક મિત્રોએ બાળકોને વિશ્વ હિન્દી દિવસની વિગતવાર માહિતીથી વાકેફ કરીને હિન્દી ભાષાનુ સચોટ રીતે મહત્વ સમજાવ્યું હતું. જેમાં હિન્દી ભાષા ભારત દેશમાં સૌથી વધારે બોલાતી ભાષાઓ માની એક છે.અને દેશમાં લગભગ ૭૭ ટકા જેટલા લોકો હિન્દી ભાષા બોલે છે, લખે છે અને સમજે છે. સાથે સાથે વિશ્વમાં સૌથી વધારે બોલાતી ભાષાઓમાં હિન્દી ત્રીજા ક્રમે છે. ભારત સિવાય પણ બીજા કેટલાય દેશોમાં લોકો હિન્દી ભાષાનો ઉપયોગ કરે છે. ભારતમાં ૨૨ ભાષાઓને બંધારણમાં મંજૂરી આપેલ છે. જેવી બાબતોથી બાળકોને માહિતગાર કરી વિશ્વ હિન્દી દિવસની ઉજવણી શાનદાર રીતે કરવામાં આવી હતી.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

## ગરબાડાના ઝરી બુઝર્ગ ગામે વરસાદના કારણે કાચું મકાન ઘરાશઈ

ગરબાડા,

ગરબાડા તાલુકામા પાછલા બે દિવસથી વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. તારીખ ૯ ના સાંજના અને તારીખ ૧૦ વહેલી સવારના સમયે કમોસમી વરસાદ પડ્યો હતો. જે વરસાદના ગરબાડા તાલુકાના ઝરી બુઝર્ગ ગામના બારીયા ફલીયામા રહેતા ભાભોર શકરા ભાઈ મુળાભાઈનું કાચું મકાન એક એક ઘરાસહી થઈ જતા મકાનમાં બાંધેલા ત્રણ બકરાનું દિવાળી નીચે દબાઈ જતા મોત નીપજ્યા હતા. ઘટનાની જાણ થતા આજુ બાજુના લોકો દોડી આવ્યા હતા. સદ્દનસીબે અ અકસ્માતમા કોઈ પણ જાતની માનવજાન હાની સજાઈ ણ હતી. કમોસમી વરસાદના કારણે મકાન ઘરાસહી થતા શકરા ભાઈ ભાભોરને અંદાઝે ત્રિસ હજાર રૂપિયાનું નુકસાન થયું હતું. અ ઘટના બનતા સરપંચ તલાતી પણ ઘટના સ્થળે આવ્યા હતા અને પાંચકેશ કરી આગળની કાર્યવાહી કરી હતી.



## ઝાલોદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા સાપ્તાહિક NSS કેમ્પનું આયોજન કરાયું


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

તા.૧૦/૦૧/૨૪ના રોજ કે.આર. દેસાઈ આર્ટ્સ કોમર્સ કોલેજ દ્વારા સાપ્તાહિક એન.એસ.એસ વાર્ષિક શિબિર ૨૦૨૩-૨૪ ના સ્વયં સેવકો દ્વારા મઘાનિસર મુખ્ય પ્રાથમિક શાળામાં મુલાકાત લીધી. જેમાં ગામના અગ્રણી મુકેશભાઈ ડામોર, જીલ્લા પંચાયતના સભ્ય સુમનબેન ડામોર, સરપંચ રીંકુબેન શાળાના આચાર્ય તથા કાર્યરત શિક્ષકો પણ હાજર રહ્યા હતા. બાળકોને પોતાનો અને એન.એસ.એસ શું છે અને કઈ રીતે રાષ્ટ્રને સેવા આપવામાં સ્વયં સેવકો પોતાનું યોગદાન આપે છે, તે અંતર્ગત બાળકોને પરિચય આપ્યો. તેમજ બાળકો સાથે વર્ગખંડોમાં અલગ અલગ અભિનંયો અને ખુબ આનંદમય વાર્તાલાપ કર્યો હતો.



દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ રસાયણ વિભાગના અનુસ્નાતક તથા સ્નાતક વિભાગ દ્વારામાં તારીખ ૦૯/૦૧/૨૦૨૪ના રોજ SICART (Sophisticated Instrumentation Centre for Applied Research Testing) એજ્યુકેશનલ ટૂર નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનુસ્નાતક તથા સ્નાતક કક્ષાના તમામ વિદ્યાર્થીઓને Industry માં વપરાતા અદ્યતન સાધનોના ઉપયોગ સંદર્ભે માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. જેનું આયોજન રસાયણશાસ્ત્ર વિભાગના વડા ડો. કે. ટી. જોષી તથા અનુસ્નાતક વિભાગના પીજી ઈનચાર્જ ડો.એચ.આર.ડાભી તેમજ કાર્યકારી પ્રિન્સિપાલ ડો.ગૌરાંગ જે. ખરાદી દ્વારા કરવામાં આવ્યું હતું.

## કચ્છના ખાવડામાં સૌથી મોટો સોલાર પ્લાન્ટ સ્થાપશે, વાઈબ્રન્ટ ગુજરાતમાં ગૌતમ અદાણીની જાહેરાત

ગાંધીનગર,

ભારતના અગ્રણી ઉદ્યોગપતિઓ આજે ગુજરાત ગ્લોબલ વાઈબ્રન્ટ સમિટમાં હાજર છે. જેમા ગૌતમ અદાણી સહિતના ભારતના ઉદ્યોગપતિઓએ સંબોધન કર્યુ છે. તો ગૌતમ અદાણીએ જણાવ્યુ કે ૧૦મી વાઈબ્રન્ટ સમિટને સંબોધન કરવું એ મારા માટે સૌભાગ્યની વાત છે. આ સાથે જ તેમણે જણાવ્યુ કે પીએમ મોદીએ દેશના ભવિષ્યનું ઘડતર કર્યુ છે.

તમારા નેતૃત્વમાં ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરશે. તેમજ અદાણી કચ્છના ખાવડામાં સૌથી મોટો સોલાર પ્લાન્ટ સ્થાપશે તે પણ જણાવ્યુ છે. તો આગામી સમયમાં ૫ વર્ષમાં ૨ લાખ કરોડનું રોકાણ ગુજરાતમાં કરવાની વાત કરી છે. આગામી સમયમાં એક લાખ લોકોને રોજગારી આપવાનો લક્ષ્યાંક હોવાનું જણાવ્યુ છે.

મારુતિ સુઝુકી કંપનીના ચેરમેન તોશિહિરો સુઝુકીએ વાયબ્રન્ટ સમિટમાં જણાવ્યુ કે સુઝુકી મોટર ગુજરાતમાં બીજો મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપવા ૩૫,૦૦૦ કરોડ રુપિયાનું રોકાણ કરશે. આ સાથે જ જણાવ્યુ કે દેશનું ઓટોમોબાઈલ માર્કેટ ઝડપથી વધી રહ્યું છે. વડાપ્રધાન મોદીના પ્રોગ્રેસીવ એપ્રોચના કારણે અમે પણ રોકાણ કરી રહ્યા છીએ.

ભારતને સેમિકન્ડક્ટર્સ માટે વૈશ્વિક હબ બનાવવાનું વડાપ્રધાન મોદીનું વિઝન ભારતના ભવિષ્ય માટે એક વિશાળ આર્થિક પ્રેરક બની રહેશે.કારણ કે ભારત ત્રીજા સૌથી મોટા વૈશ્વિક અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે. માઈક્રોન ટેક્નોલોજીના સીઈઓ સંજય મેહરોત્રામાં જણાવ્યુ છે.

## ફતેપુરા પોલીસે ઉતરાયણ પર્વને લઈ ચાઈનીસ દોરી કે તુક્કલના વેચાણ અંગેની તપાસ હાથ ધરી



ફતેપુરા,

દાહોદ જીલ્લા પોલીસ અધિક્ષક દ્વારા ઉતરાયણ પર્વને લઈ ચાઈનીઝ દોરી કે તુક્કલના વહેંચાણ કે ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું. તેમ છતાં છાને ખૂણે એકલદોકલ વેપારીઓ પ્રતિબંધિત દોરી અને તુક્કલનું વહેંચાણ કરતા હોય છે. જેને લઈ ફતેપુરા પોલીસ દ્વારા આજે ફતેપુરા બજારમાં ચાઈનીસ દોરી કે તુક્કલના વેચાણને લઈ પતંગ દોરીના વ્યવસાય સાથે સંકળાયેલ વેપારીઓને ત્યાં આકસ્મિક ચેકીંગ હાથ ધર્યું હતું. પોલીસ સ્ટાફની ટીમ દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરાતા પતંગ દોરીના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓમાં પણ ઘડીભર માટે ફફડાટ વ્યાપી જવા ગયો હતો. ત્યારે ઉપસ્થિત ટીમના અધિકારીઓએ પતંગ દોરીના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ ન કરવા અપીલ કરી હતી અને વેપારીઓને ચાઈનીસ દોરી અને તુક્કલ ન વેચવા માટે સૂચના આપી હતી.

## દાહોદમાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરીના ૭ ફિરકી સાથે યુવકને ઝડપ્યો



દાહોદ,

દાહોદના ગોધરા રોડ પરથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ કરતાં એક યુવકને પોલીસે ઝડપી પાડચો હતો. ૨,૧૦૦ રૂપીયાના ૦૭ ફિરકા જપ્ત જપ્ત કરવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે. દાહોદ કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટે ચાઈનીઝ માંઝા નાઈલોન, પ્લાસ્ટીક દોરી, કાંચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોની કોટીંગ કરેલ દોરી તેમજ પતંક ચગાવવા માટે ઉપયોગમાં લેવાતાં અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોદગ પર પ્રતિબંધ બાબતેનું જાહેરનામું પાડવામાં આવ્યું છે. જે અનુસંધાને જીલ્લાની પોલીસ પતંગના દોરાના વેપારીઓને ત્યાં ચેકિંગ પણ હાથ ધરી રહી છે. ત્યારે ગતરોજ દાહોદ એ ડિવીઝન પોલીસને મળેલ બાતમીના આધારે ચંદન ચાલમાં રહેતા રાજુભાઈ રમેશભાઈ કેથવાસ ચાઈનીઝ દોરીનું વેચાણ કરતાં પોલીસે તેને રૂા.૨,૧૦૦ની કિંમતના ૦૭ ચાઈનીઝ દોરીના ફિરકા સાથે ઝડપી પાડ્યો હતો. આ સંબંધે દાહોદ એ ડિવીઝન પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના ખંગેલા ગામ પંચાયતના સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ પાસ થતાં ડે.સરપંચને ચાર્જ સોપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ખંગેલા ગામની ૧૬ સભ્યો ધરાવતી પંચાયતમાં વર્તમાન સરપંચ વિરૂદ્ધ સભ્યોએ મનમાની અને અવગણના જેવા આરોપી મુકી અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરી હતી. આ દરખાસ્ત પસાર થઈ જતાં હાલ ઉપ સરપંચને ચાર્જ સોંપાયો છે.

ખંગેલા ગામના સરપંચ મનનુભાઈ વસનાભાઈ મેડા વિરૂદ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી. આ અવિશ્વાસ દરખાસ્ત મુકવા પાછળના કારણોમાં સરપંચ મનુભાઈ સામે તેઓ દ્વારા પંચાયતના વહિવટને લગતી બાબતોમાં ખંગેલા પંચાયતના ઉપસરપંચ કે સભ્યોને વિશ્વાસમાં લીધા વિના નિર્ણયો લેવામાં આવે છે. પંચાયતને લગતી સરકારની યોજનાઓમાં વિકાસના કામોમાં પંચાયત બોડીના સભ્યોને વિશ્વાસમાં લીધા વગર મનસ્વી રીતે કામગીરી કરવાના આક્ષેપ કરવામાં આવ્યાં હતાં. આ મામલે પંચાયતના સભ્યોની બેઠક બોલાવીને અવિશ્વાસ પ્રસ્તાવની ચર્ચા કરવામાં આવી હતી. તેમાં સરપંચ મળીને કુલ ૧૭ સભ્યોમાંથી સરપંચની વિરૂદ્ધમાં ૧૪ મત પડતાં અવિશ્વાસ પ્રસ્તાવ પાસ થઈ ગયો હતો. ખંગેલા ગ્રામ પંચાયતના સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ પસાર થતાં સરપંચ ૦૮ જાન્યુઆરીથી હોદ્દો ધરાવતાં બંધ થવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ખંગેલા ગ્રામ પંચાયતની કારોબારી સત્તા વાપરવા ખંગેલા ગ્રામ પંચાયતના સરપંચના હોદ્દાનો ચાર્જ ઉપસરપંચ મેડા કાન્તાબેનને સોંપવામાં આવ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.119

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા પ્રાંત કચેરી માંથી બે વર્ષના સમયગાળામાં પોપટપુરાના સર્વે નં.૬૦ના હુકમ સહિતના રેકર્ડની ચોરી કરી જતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા પ્રાંત કચેરી દ્વારા પોપટપુરાની સર્વે નં.૬૦ની જમીન સંદર્ભે થયેલ નાયબ કલેકટર અને પ્રાંતના હુકમ નં. ટી.એન.સી.ડબલ્યુ.એસ. તા.૧૫/૦૧/૧૯૫૩ના હુકમ તથા તેની સાથેના રેકર્ડની કોઈ અજાણ્યા ચોર ઈસમો ચરી કરી જઈ ગુનો કર્યાની ફરિયાદ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા પ્રાંત કચેરીમાં તા.૨૭/૦૬/૨૦૨૧ થી ૦૯/૦૧/૨૦૨૪ના સમયગાળા દરમિયાન કોઈ ચોર ઈસમ દ્વારા ગોધરા તાલુકાના પોપટપુરા ગામના સર્વે નં.૬૦ની જમીન સંદર્ભે થયેલ નાયબ કલેકટર અને પ્રાંત અધિકારીના હુકમ નં.ટી.એન.સી.ડબલ્યુ.એસ. ૬૩૧ તા.૧૫/૦૧/૧૯૫૩ના હુકમની તથા તેની સાથેના તમામ રેકર્ડની કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી જઈ ગુનો કરતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ગુનો કરતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ઈ.પી.કો. કલમ–૩૮૦ મુજબ ગુનો નોંધાવા પામ્યો છે.

## શહેરા પાલિકા સેનેટરી ઈન્સ્પેકટરની ટીમ પાયલ ફુટવેર માંથી ચાઈનીઝ દોરી ઝડપી

શહેરા,

શહેરા નગર પાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડની ટીમ દ્વારા બસ સ્ટેશન વિસ્તારમાં આવેલી પાયલ ફ્ટવેર નામની દુકાન માંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરી ઝડપી પાડી હતી.

શહેરા નગર પાલિકા સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડની ટીમ દ્વારા ઉતરાયણના તહેવારને અનુલક્ષીને નગર વિસ્તારમાં આવેલી પતંગ દોરાની દુકાનમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીને લઈને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. બસ સ્ટેશન વિસ્તારમાં આવેલી પાયલ ફ્ટવેર એન્ડ રેડીમેટ દુકાનની અંદર શરૂઆતમાં ચાઈનીઝ દોરી નહી વેચતા હોવાનું પાલિકાની ટીમને લાગી રહેલ પણ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

જ્યારે દુકાનની અંદરના પાછળની રૂમમાં સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડ દ્વારા તપાસ કરતા દુકાનદાર એ સંતાડી રાખેલ પ્રતિબંધિત જીવલેણ ત્રણ કટ્ટા ચાઈની દોરી મળી આવેલ હતી. જેનું સ્થળ પર રોજ કામ કરીને પ્રતિબંધિત ચાઈનીઝ દોરીને જપ્ત કરી નગર પાલિકા ખાતે લઈ આવીને દુકાનદારના વિરૂદ્ધમાં કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. ઉલેખનીય છે કે, પાલિકાની ટીમ દ્વારા જે દુકાન માંથી અત્યારે ચાઈનીઝ દોરી મળી આવી હતી. આજ દુકાન માંથી ગત વર્ષે પણ પ્રતિબંધિત ચાઈનીઝ દોરી આજ સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડ દ્વારા ઝડપી પાડવામાં આવી હતી. ત્યારે સંબંધિત તંત્ર દ્વારા દંડકીય કાર્યવાહી નહિ પરંતુ આ દુકાનદાર સામે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવી જોઈએ, જેથી પતંગ દોરાના વેપાર કરતા બીજા અન્ય વેપારીઓ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ કરી શકે નહીં. પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સામે પાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડની ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવતા પતંગ દોરાની દુકાનમાં છુપી રીતે ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા દુકાનદારોમાં ફફડાટ ફેલાયો હતો.

## ગોધરા જુની પોસ્ટ ઓફિસ અબ્દાલવાડા પાસે ઘરમાં રાખેલ ૭૦ કિલો માંસનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો

ગોધરા,

ગોધરા જુની પોસ્ટ ઓફિસ અબ્દાલવાડાના ઢાળમાં રહેણાંક ઘરમાં માંસનો જથ્થો મંગાવીને વેચાણ માટે રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી માંસનો જથ્થો વજન ૭૦ કિલો ૧૪,૦૦૦/–રૂપીયા તથા અન્ય ચીજવસ્તુ મળી ૫૧,૯૨૦/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા જુની પોસ્ટ ઓફિસ અબ્દાલવાડાના ઢાળમાં રહેતા આલમગીરી હુસેન ચાયમન એ આરોપી કાસીમ મહંમદ શેખ (રહે. ઈદગાહ મહોલ્લા) પાસેથી માંસ મટનનો જથ્થો લાવી પોતાના માલિકીના ઘરમાં રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી માંસનો જથ્થો વજન ૭૦ કિલો ૧૪,૦૦૦/–રૂપીયા તથા વજનનો કાંટો છરો, મોબાઈલ ફોન, સ્કુટર મળી કુલ ૫૧,૯૨૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે આમલગીરી હુસેન ચાયમનને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા સબજેલમાં ઝડપી સ્કવોર્ડના ચેકીંગ દરમિયાન બેરેક-૧ અને ૩ માંથી બે મોબાઈલ ઝડપ્યા

ગોધરા,

ગોધરા સબજેલમાં જેલર ગૃપ–૨ ઝડતી સ્કવોર્ડના ચેકીંગ દરમિયાન બેરેક–૧ અને બેરેક–૩ માંથી બે મોબાઈલ ફોન ઝડપી પાડી. આ બાતે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા સબજેલમાં અમદાવાદ જેલ ગૃપ–૨ ના ઝડપી સ્કોવોર્ડ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમિયાન આરોપી સંતોષ ઉર્ફે ભીમા રાયસીંગ જાદવ જે ખૂન કેસમાં કાચા કામના કેદી તરીકે બેરેક–૧માં રાખેલ હોય જેલમાં અવેધ વસ્તુઓ ઉપર પ્રતિબંધ હોવાનું જાણતા હોય તેમ છતાં આરોપીએ કોઈ સાથે મળી મોબાઈલ ફોન પોતાની પાસે રાખીને ઝડતી દરમિયાન મોબાઈલ ફોન ઉપર વાત કરતાં ઝડપાઈ જવા પામ્યો. જ્યારે બેરેક નં.૩ની લોબીમાં દિવાલ ઉપર લગાવેલ લોખંડની પેટી ઉપરથી મોબાઈલ ફોન મળી ગોધરા સબજેલ માંથી બે મોબાઈલ ફોન ઝડપાઈ જતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

**ગુજરાત સરકાર**
**માર્ગ અને મકાન વિભાગ**
**ઓન લાઈન જાહેર નિવિદા નં.એસ.ડી.સી/૭ સને ૨૦૨૩**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી વિધુત (મા અને મ) પેટા વિભાગ, ગોધરા ઈંડિયન રેડક્રોસ સોસાયટીની બાજુમાં, ગોધરા સિવિલ લાઈન ગોધરા–૩૮૯૦૦૧, ટેલીફોનનં ૦૨૬૭૨–૨૪૮૪૦૦ની કચેરી દ્વારા ટેમ્પરરી વીજળીકરણના અ.નં.૧ થી જના કામ કે જેની અંદાજીત રકમ રૂા.૦.૮૨ લાખ થી રૂા.૨.૩૯ લાખ છે તેના માટે વિભાગની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઈજારદારશ્રીઓ તથા સદર કામના નિષ્ણાતો પાસેથી ઓનલાઈન ટેન્ડર (ઈ–ટેન્ડર સીસ્ટમ)થી ભાવ મંગાવવામાં આવે છે. ટેન્ડર ડાઉનલોડ કરવાની તથા ટેન્ડરમાં ભાવો ભરીને ઓનલાઈન ટેન્ડર મોકલવાની છેલ્લી તા–૨૦/૧/૨૦૨૪ રાખવામાં આવેલ છે. સદરહુ કામના ટેન્ડર તા.૨૦/૧/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨:૦૫ કલાકે ગોધરા વિધુત (મા. મ) પેટા વિભાગ, ગોધરાની કચેરીમાં ખોલવામાં આવશે વધુ માહિતી માટે જાહેર રજાના દિવસ સિવાય આ કચેરીનો સંપર્ક સાધવા વિનંતી ટેન્ડર નોટીસની વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી મેળવી તથા www.statetenders.gujarat.gov.in પર જોઈ શકાશે.

માહિતી/ગોધરા/૭૭૪/૨૦૨૪

## ગોધરા નગર પાલિકા પ્રમુખ દ્વારા ડેલીવીઝીટ ડ્રાઈવરે બાકીના પગાર બાબતે ફોન કરતાં માં-બેનની ગાળો આપતો ઓડીયો વાયરલ થયો

ગોધરા,

ગોધરા નગર પાલિકાના દિવાબત્તી વિભાગના વાહન ઉપર ડ્રાઈવર તરીકે નોકરી દરમિયાન પગારના પૈસા બાકી હોય તે બાબતે પાલિકા પ્રમુખને મોબાઈલ ફોન ઉપર વાત કરતાં સત્તાના નશામાં આવેલા પ્રમુખ દ્વારા ડ્રાઈવર જેવા વ્યકિતને બિભત્સ ગાળો આપતાં ઓડીયો વાયરલ થતં ચર્ચાનો વિષય બન્યો.

ગોધરા નગર પાલિકાના દિવાબત્તી વિભાગની મેન્ટેનન્સ ગાડી ઉપર ડ્રાઈવર તરીકે નોકરી કરેલ હોય અને પાલિકા કચેરી માંથી ૨૫ દિવસના ૧૨,૮૪૪/–રૂપીયા પગાર પેંટે લેવાના નિકળતા હોય જેને લઈ ડ્રાઈવર દ્વારા પાલિકા પ્રમુખ જયેશ ચૌહાણને મોબાઈલ ફોન ઉપર ફોન કરી બાકીના પગાર બાબતે રજુઆત કરી હતી. જેને લઈ સત્તાના નશામાં પાલિકા પ્રમુખ પોતાનો રૂઆબ છાંટવા માટે ફોન કરનાર ડ્રાઈવરને બિચત્સ પ્રકારની ગાળો આપી હતી અને તું જ્યાં હોય ત્યાં આવીને તને દેખી લઉ છું. તેમ ધમકી આપતો ઓડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો. જેને લઈ પાલિકા પ્રમુખ તરીકે જે પ્રકારનો વ્યવહાર એક સામાન્ય વ્યકિત સાથે કરાયો તેની સામે અનેક સવાલ ઉઠયા પામ્યા છે.

## હાલોલના બાસ્કા ગામે સર્વિસ રોડ ઉપર ટાટા એસી ટેમ્પોએ રાહદારીને ટક્કર મારી ઈજાઓ પહોંચાડી

હાલોલ,

હાલોલ તાલુકાના બાસ્કા ગામે સર્વોતમ હોટલથી પુલના વચ્ચેના ભાગે ટાટા એસી ટેમ્પોના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી સર્વિસ રોડ ઉપર ચાલત જતાં રાહદારીને ટક્કર મારી પાઈ દઈ ફેકચર કરી ઓછી વધતી ઈજાઓ પહોંચાડી નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ હાલોલ રૂરલ પોલીસ મથકે નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના બાસ્કા ગામે સર્વોતમ હોટલ અને વિશ્વામિત્ર નદીના પુલ વચ્ચે સર્વિસ રોડ ઉપરથી પસાર થઈ રહેલા ટાટા એસી ટેમ્પો નં.જીજે.૦૬.બીવી.૭૪૭૦ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી સર્વિસ રોડ ઉપરથી ચાલતા જઈ રહેલા રાહદારી રાકેશ પરષોત્તમભાઈ વણકર ઉ.વ.૨૭ને પાછળથી ટકકર મારી પગના સાથળના ભાગે ફેકચર કરી તથા શરીરે ઈજાઓ પહોંચાડી નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ હાલોલ રૂરલ પોલીસ મથકે નોંધાવ પામી છે.

## ગોધરા સાતપુલ સી સોસાયટીમાં આરોપીઓએ જુગારની બાતમી આપો તેમ કહી મારમારતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા સાતપુલની સી સોસાયટીમાં રહેતા ફરિયાદીના માતા તેમના પતિને જમવા માટે બોલાવતા હતા. ત્યારે આરોપી ઈસમોએ તમો જુગારની બાતમી આપો છો તેમ કહી છુટા પથ્થર મારી ઈજાઓ કરી ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા સાતપુલ સી સોસાયટીમાં રહેતા ફરિયાદી મોબીન ઝાકીર શેખના માતા તેમના પિતાને જમવા માટે બુમો પાડીને બોલાવી રહ્યા હતા. ત્યારે આરોપી ઈસમો મોસીન હશન મીઠા ઉર્ફે ભાણા, ઈરફાન હશન મીઠા ઉર્ફે ભાણાએ તમે જુગારની પોલીસને બાતમી આપો છો. તેમ કહી ઈરફાન મીઠાએ છુટો પથ્થર મારી નશીમબાનુને ઈજાઓ કરી અન્ય આરોપીએ ગડદાપાટુનો મારમારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરામાં MGVCLના વીજ બીલ કલેકશન સેન્ટરો બંધ કરતા પાવર હાઉસ કચેરીના બીલ કનેકશન સેન્ટર ઉપર બીલ ભરવા લાંબી કતારો

ગોધરા,

ગોધરામાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા અલગ અલગ વિસ્તારોમાં ફાળવવામાં આવેલ વીજ બીલના નાણાં કલેકશન સેન્ટરો ઉપલી કચેરીથી બંધ કરી દેવામાં આવતાં પાવર હાઉસ ખાતે વીજ ગ્રાહકો બીલ ભરવા લાંબી કતારોમાં લાગ્યા.

ગોધરા શહેરમાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા અલગ અલગ વિસ્તારોમાં વીજ બીલ કલેકશન સેન્ટરો



ફાળવવામાં આવ્યા હતા. આ કલેકશન સેન્ટરોને કોઈ કારણોસર ઉપલી કચેરીથી બંધ કરી દેવામાં આવતાં વીજ ગ્રાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. ગોધરા શહેરમાં માત્ર પાવર હાઉસ વીજ કચેરી ખાતે વીજ બીલ કલેકશન સેન્ટર ચાલુ રહેતા વીજ ગ્રાહકોને પાવર હાઉસ સુધી લાંબા થવાનો વારો આવ્યો વીજ કચેરી બીલ કલેકશન સેન્ટર ઉપર લાંબી કતારોને લઈ લોકોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો.

## અયોધ્યામાં શ્રી રામ મંદિર ખાતે પ્રાણ પ્રતિષ્ઠાના ઉત્સવમાં ૨૨,૨૩ અને ૨૪ પંચમહા સહિત ગોધરા નોનવેજ દુકાન બંધ રાખવા અખિલ ભારત હિન્દુ મહાસભા દ્વારા કલેકટરને રજુઆત

ગોધરા,

અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામની પ્રાણ પ્રતિષ્ઠા તા.૨૨ના રોજ થનાર છે. આ હિન્દુ સમાજ માટે ખુબ મોટો ઉત્સવનો અવસર છે. આવા રૂડા અવસર પ્રસંગે પંચમહાલ જીલ્લા તા.૨૨,૨૩ અને ૨૪ના દિવસોમાં નોનવેજની દુકાનો બંધ રાખવામાં આવે તેવી માંગ સાથે અખિલ ભારત હિન્દુ મહાસભા દ્વારા જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરાઈ.

અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામની પ્રાણ પ્રતિષ્ઠા તા.૨૨ જાન્યુઆરીના રોજ થનાર છે. અયોધ્યામાં શ્રી રામની પ્રાણ પ્રતિષ્ઠા એ હિન્દુ સમાજ માટે ખુબ મોટો ઉત્સવનો અવસર છે. અયોધ્યામાં રામ મંદિર ખાતે પ્રાણ પ્રતિષ્ઠાને લઈ ભારત દેશ રામ લલ્લાના આ ઉત્સવમાં સામેલ થવા માટે ઉત્સાહિત છે. તા૨૨ જાન્યુઆરી એ પ્રાણ પ્રતિષ્ઠાથી તા. ૨૩ અને ૨૪ દિવસોમાં હિન્દુ સમાજ રામમય બનશે. ત્યારે ત્રણ દિવસ માટે પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં નોનવેજની દુકાનો બંધ રાખવામાં આવે તેવી માંગ સાથે અખિલ ભારત હિન્દુ મહાસભાના પ્રદેશ પ્રભારી આશીષ પટેલ દ્વારા પંચમહાલ કલેકટરને લેખિતમાં રજુઆત કરાઈ છે.

## ગોધરા તાલુકાના રતનપુર ગામે ૨૦૧૨માં હત્યાના ગુનામાં આરોપીને ૭ વર્ષની કેદ અને ૧૦ હજારના દંડ ફટકારતી મુખ્ય સેશન્સ કોર્ટ

ગોધરા,

ગોધરા તાલુકાના રતનપુર કાંટડી ગામે ઓગસ્ટ ૨૦૧૨માં આરોપીએ લાકડાનો દંડો મારી હત્યા કરાઈ હતી. આ કેસ જીલ્લા પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં આરોપીને ૭ વર્ષથી સખત કેદની સજા અને ૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો.

ગોધરા તાલુકાના રતનપુર કાંટડી ગામે રહેતા ફરિયાદીના ભાઈ મહેન્દ્રભાઈ શીવાભાઈ પરમાર સાથે આરોપી સતિષ મોહનભાઈ પરમાર સાથે ઝગડો તકરાર થયેલ તેમાં આરોપી સતિષ પરમારે લાકડાનો દંડો મારી જીવલેણ હુમલો કરી મહેન્દ્રભાઈને ઘટના સ્થળે મોત નિપજાવ્યું હતું. આ બાબતે કાંકણપુર પોલીસમ મથકે ૩૦૨ અને જી.પી.એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધાયો હતો અને આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. કોર્ટમાં ચાર્જશીટ કરેલ હતી. તે બાબતે જીલ્લા પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજ પી.વી.શ્રીવાસ્તવની કોર્ટમાં કેસ ચાલી જતાં રાકેશ એસ.ઠાકોરની દલીલો અને પંચો તેમજ તપાસ અધિકારીની જુબાનીને ધ્યાને લઈ આરોપીને આ અપરાધ મનુષ્ય વધ ન કહેવાય તેવા ગુનામાં દોષિત ગણી આરોપી સતિષ ઉર્ફે શંકો મોહનભાઈ પરમારને ૭ વર્ષની સખત કેદની સજા અને ૧૦ હજાર રૂપીયા દંડ કરવામાં આવ્યો. આ હુકમને લઈ પંચમહાલ જીલ્લામાં ગુન્હાઓ આચરતાં આરોપીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## કોમર્સ કોલેજ ગોધરા ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગોધરા,

સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ વિભાગ દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત "નવ મતદાતા ભારત કા ભાગ્ય વિધાતા" વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં કોલેજના ૧૦ વિદ્યાર્થી ભાઈ–બહેનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉપસ્થિત ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.સ્નેહાબેન વ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને મતદાન શું છે. પ્રથમ વખત મતદાન કરતી વખતે શું ધ્યાનમાં રાખવું જોઈએ વિગેરે બાબતો સમજાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એનએસએસના પ્રોગ્રામ ઓફિસર પ્રો.(ડો)અરૂણસિંહ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના અંતે કુ.અર્ચના ઠાકોર પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા. આભારવિધિ કુમારી નિશી શાહ દ્વારા કરવામાં આવી હતી.

## ગોધરા શહેરના દાહોદ રોડ પર આવેલ ધી સ્વામી શાંતિપ્રકાશ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં આવેલ મંદિરનો ૨૧ મો વાર્ષિકોત્સવ ચરણદાસજી મહારાજની અધ્યક્ષતામાં ઉજવવામાં આવશે



ગોધરા,

ગોધરા શહેરના દાહોદ રોડ પર આવેલ વાવડી બુઝર્ગ વિસ્તારમાં આવેલી ધી સ્વામી શાંતિ પ્રકાશ કો–ઓપરેટીવ હાઉસિંગ સોસાયટીના ૨૧મા વાર્ષિકોત્સવની રંગેચંગે ઉજવણી કરવામાં આવનાર છતેવું સોસાયટીના તથા ઉતરબસિંધી પંચાયતના પ્રમુખ લીલારામ સંતાનીએ જણાવ્યું છે. જે નિમિત્તે આગામી ૧૫ જાન્યુઆરીના રોજ સ્વામી ચરણદાસજી મહારાજની અધ્યક્ષતામાં ઉજવણી કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૯ કલાકે ધ્વજારોહણ કરવામાં આવશે. ત્યારબાદ સવારે ૧૦:૩૦ કલાકે ચરણદાસજી મહારાજના સાનિધ્યમાં સત્સંગ યોજાશે. જે બાદ પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા માટે ગોધરા શહેરની ધર્મપ્રેમી જનતાને પ્રમુખ લિલારામ સંતાની તથા સોસાયટીના સભ્યો નું ભાવ ભીનું જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

## હાલોલ ગાંધીચોક માર્કેટમાં સરકારી જમીનમાં ઉભી કરેલ કાચી પતરાની દુકાનનું દબાણ પાલિકાએ દુર કર્યું



હાલોલ,

હાલોલમાં ગાંધીચોક શાક માર્કેટમાં પતરાની કાચી દુકાન બનાવી સરકારી જમીન પર કાયેલ દબાણ હાલોલ નગર પાલિકાએ જેસીબીથી દુર કરવામાં આવ્યું. હાલોલ ગાંધીચોક શાક માર્કેટમાં પતરાની કાચી દુકાન સરકારી જમીનમાં ઉભી કરી છેલ્લા કેટલાક વર્ષોથી દબાણ કરવામાં આવ્યું હતું. સરકારી જમીનમાં પતરાની કાચી દુકાન ઉભી કરનાર રાજેન્દ્ર ઓમ પ્રકાશ શર્માને હાલોલ પાલિકા દ્વારા ૨૦૨૨માં સ્વૈચ્છિક દબાણ દુર કરવા માટેનોટીસ આપી હતી. પાલિકા દ્વારા દબાણ હટાવવાની નોટીસ બાદ પણ દુકાનદાર દ્વારા દબાણ ખાલી નહિ કરતાં આજરોજ હાલોલ નગર પાલિકા દ્વારા જેસીબી થી પતરાંની દુકાન સહિતના ગેરકાયદેસરના દબાણો દુર કરવામાં આવ્યા.

## કાલોલના બાકરોલ ગોમા નદી માંથી રેતી ખનન કરતાં ૩ ટ્રેકટર સહિત ૧૫ લાખનો મુદ્દામાલ ખાણ ખનિજ વિભાગે ઝડપ્યો



કાલોલ,

કાલોલ તાલુકાના બાકરોલ ગામે ગોમા નદી માંથી ગેરકાયદેસર રેતી ખનન સ્થળે ખાણ ખનિજ વિભાગે બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરી હતી અને ૩ ટ્રેકટર સહિત ૧૫ લાખનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો.

કાલોલ તાલુકાના ગોમા નદી માંથી ગેરકાયદેસર રેતી ખનન કરતાં ખનિજ માફિયાઓ બેફામ બન્યા છે. ત્યારે કાલોલ બાકરોલ ગામ પાસેથી પસાર થતી ગોમા નદી માંથી રેતી ખનન કરાઈ રહ્યું છે. તેવી બાતમીના આધારે જીલ્લા ખાણ ખનિજ વિભાગ કાર્યવાહી કરી હતી અને ખનિજ માફિયાઓના ૩ ટ્રેકટરો ઝડપી સહિત ૧૫ લાખનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો. ખાણ ખનિજ વિભાગ દ્વારા સીઝ કરેલ વાહનોની દંડની કાર્યવાહી હાથ ધરી હતી.